RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 244* Date: 01.07.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના મહામારી: પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના નવેમ્બર સુધી લંબાવાઈ

# ૮૦ કરોડ ગરીબોને નવેમ્બર સુધી વિનામૂલ્યે અનાજ મળશે

*ન્યુ દિલ્હી,તા.૩૦*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંકટ અને ચીન સાથે તણાવ વચ્ચે દેશના નામે સંબોધન કર્યુ હતું. દેશમાં કોરોનાના કહેર વચ્ચે આ છઠ્ઠી વખત છે જ્યારે વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કર્યુ હતું. પીએમ મોદીએ કહ્યું કે કોરોના સામે લડતા ભારતમાં ૮૦ કરોડ લોકોને ત્રણ મહિનાનું રાશન મફત આપવામાં આવ્યુ છે. જ્યારે દરેક પરિવારને દર મહિને એક કિલો દાળ પણ આપવામાં આવી છે. નવેમ્બર સુધી ગરીબ પરિવારોને દર મહિને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા અને એક કિલો દાળ પણ આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોરોના વૈશ્વિક મહામારી વિરૂદ્ધ લડતા લડતા અમે અનલોક-૨માં પ્રવેશ કરી રહ્યા છીએ અને અમે તે હવામાનમાં પણ પ્રવેશ કરી રહ્યા છીએ જ્યા શરદી, તાવ આવે છે જેને કારણે કેસ વધી જાય છે એવામાં મારી દેશવાસીઓને પ્રાર્થના છે કે આવા સમયમાં પોતાનું ધ્યાન રાખો. જયારથી દેશમાં અનલોક-૧ થયુ છે વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં બેદરકારી વધતી જઈ રહી છે. ૨૦ સેકન્ડ સુધી હાથ ધોવાને લઈને સતર્ક પરંતુ આજે જ્યારે વધુ સતર્ક રહેવાની જરૂર છે ત્યારે બેદરકારી વધવી ચિંતાનું કારણ છે. લોકડાઉન દરમિયાન ઘણી ગંભીરતાથી નિયમોનું પાલન કરવામાં નથી આવ્યુ. હવે સરકારોએ સ્થાનિક સંસ્થાઓએ, દેશના નાગરીકોએ ફરી તે રીતની સતર્કતા બતાવવાની જરૂર છે. વિશેષ કરીને કન્ટેનમેન્ટ ઝોનમાં વધુ ધ્યાન આપવુ પડશે. જે પણ લોકો નિયમોનું પાલન નથી કરી રહ્યા. અમારે તેમણે ટોકવા પડશે, રોકવા પડશે અને સમજાવવા પડશે. એક દેશના વડાપ્રધાન પર ૧૩ હજાર રૂપિયાનો દંડ એટલા માટે લાગ્યો કારણ કે તે સાર્વજનિક



સ્થળે માસ્ક પહેર્યા વગર ગયા હતા. ભારતમાં પણ સ્થાનિક તંત્રએ આ રીતની કડકાઈથી કામ કરવુ જોઈએ. ભારતમાં ગ્રામનો પ્રધાન હોય કે દેશનો વડાપ્રધાન કોઈ પણ નિયમોથી ઉપર નથી.

લોકડાઉન દરમિયાન દેશની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. એવી સ્થિતિ ના આવે કે કોઈ ગરીબના ઘરમાં ચુલો ના સળગે. કેન્દ્ર સરકાર હોય, રાજ્ય સરકાર હોય, સિવિલ સોસાયટીના લોકો હોય તમામે પુરો પ્રયાસ કર્યો છે કે આટલા મોટા દેશમાં અમારા કોઈ ગરીબ ભાઈ-બહેન ભૂખો ના ઉંઘે. દેશ હોય કે વ્યક્તિ સમયપર નિર્ણય લેવાથી, સંવેદનશીલતાથી નિર્ણય લેવાથી કોઈ પણ મુકાબલો કરવાની શક્તિ અનેક ઘણી વધી જાય છે. લોકડાઉન હોવા છતા પણ સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ મંત્રી યોજના લઈને આવી છે. ગરીબો માટે પોણા ૨ લાખ કરોડનું પેકેજ આપવામાં આવ્યુ છે.

૩ મહિનામાં ૨૦ કરોડ ગરીબ પરિવારોના જનધન ખાતામાં સીધા ૩૧ હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ દરમિયાન ૯ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા જમા થયા છે. આ સાથે જ ગામમાં શ્રમિકોને રોજગાર આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન તેજ ગતિથી આરંભ કરી દેવામાં આવ્યુ છે. અમેરિકાની કુલ જનસંખ્યાથી અઢી ઘણા વધુ લોકોને બ્રિટનની જનસંખ્યાથી ૧૨ ઘણા વધુ લોકોને અને યુરોપિયન યૂનિયનની બે ઘણાથી વધુ લોકોને અમારી સરકારે મફત અનાજ આપ્યુ છે. આજે હું તેનાથી જોડાયેલી એક મહત્વપૂર્ણ જાહેરાત કરવા જઈ રહ્યો છું. અમારે ત્યા વર્ષાઋતુ દરમિયાન અને તે બાદ મુખ્ય રીતે કોઈ વિસ્તારમાં એગ્રીકલ્ચર સેક્ટરમાં વધુ કામ થાય છે. અન્ય બીજા સેક્ટરોમાં થોડી સુસ્તી રહે છે. જુલાઈથી ધીમે ધીમે તહેવારોનો માહોલ બનવા લાગે છે. તમે જુવો ૫ જુલાઈએ ગુરૂ પૂર્ણીમા છે પછી શ્રાવણ શરૂ થઈ રહ્યો છે, રક્ષાબંધન આવશે, ૧૫ ઓગસ્ટ આવશે અને આગળ જઈએ તો નવરાત્રી, દુર્ગાપૂજા, દિવાળી, છઠ્ઠી મૈયાની પૂજા છે. તહેવારોનો આ સમય જરૂરતો પણ વધારે છે અને ખર્ચ પણ વધારે છે. આ બધી વાતોને ધ્યાનમાં રાખતા નિર્ણય લેવામાં આવ્યો છે કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો વિસ્તાર હવે દિવાળી અને છઠ પૂજા સુધી એટલે કે નવેમ્બર મહિનાના અંત સુધી કરી દેવામાં આવ્યો છે. ૮૦ કરોડ લોકોને મફત અનાજ આપનારી આ યોજના હવે જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં પણ લાગુ રહેશે.સરકાર દ્વારા આ પાંચ મહિના માટે ૮૦ કરોડથી વધુ ગરીબ ભાઈ-બહેનોને દર મહિને પરિવારના દરેક સભ્યને ૫ કિલો ઘઉં અથવા ૫ કિલો ચોખા મફત આપવામાં આવશે. દરેક પરિવારને દર મહિને ૧ કિલો ચણા પણ મફત આપવામાં આવશે.૯૦ હજાર કરોડથી વધુ ખર્ચ થશે. છેલ્લા ૩ મહિનાનો ખર્ચ જોડી દઈએ તો દોઢ કરોડ ખર્ચ થઈ જાય છે. પુરા ભારત માટે અમે સપનું જોયુ છે. કેટલાક રાજ્યોએ જ્યારે સૌથી સારૂ કામ પણ કર્યુ છે. બાકી રાજ્યોને પણ આગ્રહ કરી રહ્યા છીએ કે કામને આગળ વધારો, પુરા ભારત માટે એક રાશન કાર્ડની વ્યવસ્થા થઈ રહી છે. વન નેશન વન રાશન કાર્ડનો સૌથી મોટો લાભ તે ગરીબ સાથીઓને મળશે જે રોજગાર અથવા બીજી જરૂરીયાત માટે પોતાનો ગામ છોડીને બીજે જાય છે. કોઈ અન્ય રાજ્યમાં જાય છે. આજે ગરીબોને જરૂરતમંદને સરકાર મફત અનાજ આપી રહી છે તો તેને શ્રેય બે વર્ગને જાય છે. પહેલો અમારા દેશના મહેનતુ ખેડૂત અને બીજા અમારા દેશના ઈમાનદાર ટેક્સ પેયર. તમારો પરિશ્રમ, તમારો સમર્પણ જ દેશ આ મદદ કરી શકે છે. તમે દેશનો અન્ન ભંડાર ભર્યો છે માટે ગરીબનો, શ્રમિકનો ચુલો સળગી રહ્યો છે. તમે ઈમાનદારીથી ટેક્સ ભર્યો છે, તમારૂ દાયિત્વ નિભાવ્યુ છે માટે આ દેશનો ગરીબ આટલા મોટા સંકટમાં મુકાબલો કરી શકે છે.આ સંકટ સામે આપણે ૧૩૦ કરોડ દેશવાસીઓને મળીને સંકટ સાથે કામ પણ કરવુ છે અને આગળ પણ વધવુ છે. ફરી એક વખત હું તમને બધાને પ્રાર્થના કરૂ છું, તમારા માટે પણ પ્રાર્થના કરૂ છુ અને આગ્રહ કરૂ છું તમે બધા સ્વસ્થ રહો, બે ફૂટનું પાલન કરતા રહો. ગમછા, ફેસ કવર, માસ્કનો હંમેશા ઉપયોગ કરો. કોઈ બેદરકારી ના રાખો. આ આગ્રહ, આ પ્રાર્થના સાથે હું તમને બધાને શુભેચ્છા પાઠવુ છું.

### દેશમાં કુલ ૫.૬૭ લાખ કેસ, મૃત્યુઆંક ૧૭ હજાર નજીક

# કોરોના કેર યથાવત્ :૨૪ કલાકમાં ૧૮૩૩૯ કેસ, ૪૧૮ના મોત

**દેશમાં સતત ચોથા દિવસે ૧૮ હજારથી વધારે નોંધાયા કેસ,અમેરિકા અને બ્રાઝીલ બાદ એક દિવસમાં સૌથી વધારે મામલા ભારતમાં નોંધાયા**

*ન્યુ દિલ્હી,તા.૩૦*

અનલોક-૧નો આજે ૩૦ જૂને અંતિમ દિવસ છે. ૧ જૂનના રોજ દેશમાં અનલોક-૧ અમલમાં આવ્યાં બાદ કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળ્યો છે. દેશમાં છેલ્લા ચાર દિવસથી ૧૮ હજારથી વધારે કોરોના વાયરસના મામલા નોંધાયા છે.જેમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧૮,૫૫૨ કેસો નોંધાયા અને વધુ ૪૧૮ લોકોના મોત થયા હતા. ૧ જુલાઈથી અનલોક-૨ અમલમાં આવી રહ્યો છે અને કેટલીક વધુ છૂટછાટ આપવામાં આવી છે ત્યારે કેસો વધવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. આજે સમગળવારે સવારે પૂરાર થયેલા ૨૪ કલાકમાં છેલ્લાં એક દિવસમાં ૧૮ હજાર કરતાં વધારે કેસ નોંધાતા દેશમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫,૬૬,૮૪૦ પર પહોંચી છે અને ૪૧૭ લોકાના મોત સાથે કુલ ૧૬,૮૯૩ લોકોના મોત થયા છે. અત્યારસુધીમાં કુલ્લે ૩,૩૪,૮૨૨ લોકો સાજા પણ થયા છે અને હાલમાં દેશમાં સારવાર હેઠળના કેસોની સંખ્યા ૨,૧૫,૧૨૫ છે. કેસ વધતાં તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં લોકડાઉન ૩૧ જુલાઈ સુધી લંબાવાયું છે હવે કોરોના કેસમાં રિકવરી રેટ ૫૯.૦૬ ટકા સુધી પહોંચી ગયો છે.

દેશમાં ૧ જુલાઈથી અનલોક-૨નો અમલ શરૂ થઈ રહ્યો છે. તેમાં જોકે હજુ શાળા-કોલેજો, સિનેમા હોલ અને જીમ વગેરે. શરૂ થવાના નથી. રાત્રિ કર્ફ્યુમાં ઘટાડો અને રાતના ૯ વાગ્યા સુધી હોટેલ-રેસ્ટોરન્ટ ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી છે તેથી શક્ય છે કે ખાણીપીણીના શોખીનો હવે મોડી રાત સુધી બહાર નિકળે તો સંક્રમણ વધવાની શક્યતા છે. દરમ્યાનમાં ગોવામાં સ્થાનિક કોમ્યુનિટી સંક્રમણ શરૂ થયાના અહેવાલ છે. તેથી પણ કેસો વધી શકે.. તમિલનાડુમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં રેકોર્ડ ૩૯૪૯ દર્દીઓ વધ્યા છે, અહીં સંખ્યા ૫માં દિવસે ૩૫૦૦થી વધુ રહી હતી.. સૌથી વધુ સંક્રમિતો વાળા રાજ્યોમાં તે બીજા નંબરે આવી ગયું છે. સોમવારે દેશમાં ૪૧૮ લોકોના મોત થયા હતા.મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૧૬૮૮૩ કેસ નોંધાયા છે જ્યારે ૭૬૧૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. દિલ્હીમાં ૮૫૧૬૧ કેસ નોંધાયા છે જ્યારે ૨૬૮૦ લોકોએ જીવ ગુમાવ્યા છે.



સૂત્રોએ કહ્યું કે, સંક્રમણ દેશના નાના જિલ્લાઓમાં પણ વધી રહ્યું છે. કેટલાક જિલ્લાઓમાં મોત ૨૦૦થી વધુ થયા છે અને મૃત્યુ દર ઝડપથી વધી રહ્યો છે. તેમાં મહારાષ્ટ્રનું સોલાપુર અને જલગાંવ સામેલ છે. અહીં મૃત્યુ દર સૌથી વધુ મૃતકોવાળા જિલ્લા જેવા કે મુંબઈ(૪૪૬૩ મોત), અમદાવાદ(૧૪૩૨ મોત), ઠાણે(૮૭૧ મોત) અને કોલકતા(૩૭૨ મોત)થી વધુ છે. સોલાપુરમાં મૃત્યુ દર ૯.૭૫ ટકા અને જલગાંવમાં ૬.૯૦ ટકા છે. જ્યારે મુંબઈમાં મૃત્યુ દર માત્ર ૫.૭૮ ટકા છે, જ્યારે અહીં મોતનો આંકડો સાડા ચાર હજારની નજીક પહોંચી ગયો છે.

ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૯.૦૬ ટકા સુધી પહોંચી ગયો છે.

દક્ષિણ ભારતમાં કોરોના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. પાછલા કેટલાક દિવસથી અહીં કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. કેન્દ્ર શાસિત પ્રદેશ પોંડિચેરી સહિત દક્ષિણના પાંચ રાજ્યોમાં સતત કેસ વધી રહ્યા છે. પાછલા ત્રણ દિવસમાં દક્ષિણ, પોંડિચેરી સહિતના દક્ષિણના ૫ રાજ્યોમાં દિવસ દરમિયાન નોંધાતા કેસમાં ઉછાલો આવ્યો છે. જેમાં તેલંગાણા અને કર્ણાટકામાં ૧૦૦૦ કરતા વધુ કેસ પાછલા એક દિવસમાં નોંધાયા છે.તમિલનાડુ સરકારે ૩૧ જુલાઈ સુધી જનરલ લોકડાઉન વધાર્યું છે. ચેન્નાઈ અને તેની આસપાસના વિસ્તારમાં ૫ જુલાઈ સુધી સખ્ત લોકડાઉન યથાવત રહેશે. મહારાષ્ટ્રમાં સોમવારે ૫૨૫૭ સંક્રમિતો મળ્યા અને ૧૮૧ લોકોના મોત થયા છે. મુંબઈમાં ૧૨૨૬ કેસ વધ્યા, અહીં અત્યાર સુધીમાં ૭૬ હજાર ૭૬૫ દર્દીઓ થયા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૬૯ હજાર ૮૮૩ થઈ છે. તેમાંથી ૭૩ હજાર ૨૯૮ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધીમાં ૭૬૧૦ લોકોના મોત થયા છે.

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ચોથો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા, બ્રાઝીલ, રશિયા બાદ કોરોના મહામારીથી સૌથી વધારે દેશોમાં ભારત ચોથા સ્થાન પર છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૬૨૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૨૬૪૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૨૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૬૭૦**

### ૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ વાહનોને એલએસી પર તૈનાત કરાયા

# ચીનને જડબાતોડ જવાબ આપવા ગલવાન ઘાટીમાં ભારતે T-90 ટેન્ક તૈનાત કરી

*ન્યુ દિલ્હી,તા.૩૦*

પૂર્વ લદ્દાખમાં સરહદ ઉપર વિવાદને લઈને ભારત-ચીન વચ્ચે સતત વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ચીન આ વિવાદને વાતચીત દ્વારા ઉકેલવાનો આગ્રહ વ્યક્ત કરી રહ્યું છે, જો કે તે ચાલબાજી કરવામાંથી પણ પાછળ હટી રહ્યું નથી. ચીનની પીઠમાં છરો ભોંકવાની ટેવથી પરિચિત ભારત પણ તેને હળવાશમાં લેવા માંગતુ નથી અને સરહદ પર ગલવાનવેલી ખાતે તમામ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. ભારતે ગલવાન સેક્ટરમાં છ ટી-૯૦ ટેંક્રો તૈનાત કરી છે.

ભારતીય લશ્કરે સરહદ પર ટી-૯૦ ભીષ્મ ટેંક્રોને ખડકવાનો નિર્ણય ચીનની પીપલ્સ લિબરેશન આર્મીની કેટલીક હિલચાલને ધ્યાનમાં રાખીને કર્યો છે. ચીને ગલવાન વેલી ખાતે અનેત સ્થળે નિર્માણ કામગીરી હાથ ધરી છે. લશ્કર એલએસી પાસે પોતાના ક્ષેત્રની અંદર મુખ્ય ઊંચાઈવાળા સ્થાને હથિયારો તૈનાત કરી રહ્યું છે.

૧૫૫ એમએમ હોવિત્ઝરની સાથે ઈન્ફેન્ટરી યુદ્ધ વાહનોને પૂર્વ લદ્દાધમાં ૧૫૯૭ કિ.મી. લાંબી એલએસી પર તૈનાત કરાયા છે. ચીન તરફથી કોઈપણ ખતરાનો સામનો કરવા ચુશુલ સેક્ટરમાં પણ સેનાએ બે ટેંક્રો તૈનાત કરી દીધી છે. ચીનની સેના આ ક્ષેત્રમાંથી એલએસીથી પરત જવા માટે સોદાબાજી કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારતીય લશ્કરે પોતાનું વલણ સ્પષ્ટ જણાવતા કહ્યું છે કે તે એક ઈંચ જમીન પણ છોડશે નહીં.

લશ્કરના કમાંડરોના મતે ભારત સરહદને લઈને લંબાયેલા વિવાદ પર સંપૂર્ણ રીતે તૈયાર છે. બીજીતરફ ચીન જો કોઈ પગલું ભરે છે તો ભારત પણ જડબાતોડ જવાબ આપવા સંપૂર્ણ રીતે સજજ છે. ચીનની સેનાએ પૂર્વ લદ્દાખમાં માર્શલ આર્ટ્સની તાલીમ આપેલા સૈનિકોને તૈનાત કરવાનો પ્રોપોગેન્ડા અખત્યાર કર્યો છે. જયારે હકીકતમાં વર્તમાન પરિસ્થિતિમાં ભારતીય જવાનોની સામે ટક્કરમાં ઊભા રહેવું ચીનના સૈનિકો માટે મુશ્કેલ છે. ૧૯૮૪ પછી ભારતીય સેનાને ઊંચાઈ ધરાવતા સ્થળો પર યુદ્ધ માટે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.

# મુંબઈની તાજ હોટલ પર ૨૬/૧૧ જેવો આતંકી હુમલો કરવાની ધમકી મળતા ખળભળાટ

*મુંબઈ,તા.૩૦*

મુંબઈની હોટલ તાજ પર બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળી છે. જે બાદ હલચલ મચી ગઈ છે. આ ફોન પાકિસ્તાનથી આવ્યો હતો. પોલીસ આની તપાસ કરી રહી છે.

પોલીસ સૂત્રો અનુસાર કૉલરે મુંબઈની હોટલ તાજ પર આતંકી હુમલાની ધમકી આપી છે. ફોન પર ધમકી મળ્યા બાદ પોલીસે તાજ હોટલની સુરક્ષા વધારી દીધી છે. હોટલમાં આવનારા દરેક મહેમાન પર નજર રાખવામાં આવી રહી છે. હોટલ તાજની આસપાસ દક્ષિણ મુંબઈમાં પોલીસે નાકાબંદી પણ વધારી છે. આ સિવાય કિનારાના વિસ્તારોમાં પેટ્રોલિંગ પણ વધારી દેવાયુ છે.અગાઉ વર્ષ ૨૦૦૮માં ૨૬ નવેમ્બરે મુંબઈમાં હોટલ તાજ પર આતંકી હુમલો થઈ ચૂક્યો છે. આ આતંકી હુમલામાં ૧૬૬થી વધારે લોકોના મોત નીપજ્યા હતા અને ૩૦૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. હોટલ તાજ પર થયેલા આ હુમલાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થવાની પરિસ્થિતિને ઉભી કરી હતી.

મુંબઈ હુમલામાં આતંકી અજમલ કસાબને જીવિત પકડી લેવાયો હતો. જે બાદ તપાસ એજન્સીઓની પૂછપરછમાં જાણ થઈ હતી કે હોટલ તાજ પર થયેલા આતંકી હુમલાની પાછળ પાકિસ્તાનથી ઑપરેટ થનારા આતંકી સંગઠનોનો હાથ હતો. જે બાદ અજમલ કસાબને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૨એ ફાંસી આપવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વભરમાં રાજનેતાઓ કોરોના વાઈરસને ગણકારતા કેમ નથી.....?!

વિશ્વભરમાં કોરોનાએ કહેર વરસાવી દીધો છે. તેના કારણે વિશ્વભરના લોકો ત્રસ્ત છે પરંતુ રાજકીય ક્ષેત્રે તેની અસર થઈ નથી તેમ કહીએ તો તે ખોટું પણ નથી.....! અમેરિકામાં કોરોનાના કારણે સવા લાખ કરતા વધુ લોકોના મૃત્યુ થયા છે. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેની કોઈ અસર નથી થઈ. અને તેઓએ પૂનઃ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝંપલાવી દીધું છે...ચૂંટણી સભાઓ ભરવાનું શરૂ કરી દીધું કે જેને કારણે અમેરિકાની પ્રજાને ટ્રમ્પ સામે નફરત વધુ પેદા થઈ છે. તેઓ પોતે મોઢા પર માસ્ક ધારણ કરતા નથી અને આમ પ્રજાને માસ્ક પહેરવાની અને ડિસ્ટન્સ જાળવવાની સલાહ આપતા ફરે છે. જ્યારે કે તેમની સભામાં ડિસ્ટન્સ અને માસ્ક પહેરવા બાબતે નિયમોના ધજીયા ઉડે છે. સભા સ્થળો પૂરતી સંખ્યામાં ભરાતા નથી ત્યારે વિચાર્યા વગર ગમે તે બાબત જાહેર કરી દઈને પ્રજામાં વધુ અપ્રિય બની ગયા છે. તાજેતરમાં અશ્વેતોના વિરોધીઓનું સમર્થન કરતાં અમેરિકામાં ભારે વિવાદ ઉભો થઈ ગયો છે. ટ્રમ્પે આ અંગે ટ્વિટ કરી હતી પરંતુ પ્રજાનો વિરોધ થતાં તેમને પોતે કરેલી ટ્વિટ ડિલીટ કરી નાખવી પડી હતી. તેઓને પોતાને જ ખબર ન હતી કે અમેરિકામાં અશ્વેતોની વિરુદ્ધમાં પ્રદર્શનો થઈ રહ્યા છે. તો બીજી તરફ અમેરિકામાં ટેક્સાસમા માઈક પેન્સ અને ગવર્નર અબોટ મિસ્ક પહેરીની ચૂંટણી પ્રચાર કર્યો હતો... આવા છે આપણા ભારતના મિત્ર ટ્રમ્પ..... તો કોરોના મહામારીમાં યુરોપમાં ફ્રાન્સ તેમજ પોલેન્ડમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ હતી. પરંતુ સમજદાર મતદારોએ માસ્ક ધારણ કરવા સાથે ડિસ્ટન્સ જાળવી રાખી બેલેટ દ્વારા મતદાન કર્યું હતું... તો સેનેટાઈઝરનો ઉપયોગ પણ કર્યો હતો. ભારતમાં તાજેતરમાં રાજ્ય સભાની ચૂંટણીઓ યોજાઈ ગઈ જેમાં પ્રજાએ ચૂટેલા ધારાસભ્યો જ મતદાન કરી શકે છે. દરેક ધારાસભ્યના મતદાર વિસ્તારની જવાબદારી પણ તેમની છે ત્યારે મતદાન બાદ પરિણામો આવતાં લોકડાઉન નિયમોના પાલનના ધજીયા ઉડી ગયા હતા.... જે તે અધિકારીઓએ માસ્ક ધારણ કર્યા હતા પરંતુ લોકોએ ચૂંટેલા ધારાસભ્યો, મંત્રીઓ કે રાજ્ય સભામાં ચૂંટાયેલા કોઈપણ સભ્યએ માસ્ક પહેર્યા ન હતા પરંતુ ડિસ્ટન્સ પણ જાત્રવ્યુ ન હતું.... તો અભિનંદન આપવા હાથો હાથ સુકે આપતા હતા. અને હાથ પણ મિલાવતા હતા. અને આપણા ચૂંટાયેલા ધારાસભ્યો મંત્રીઓ લોકોને માસ્ક પહેરવાની, ડિસ્ટન્સ જાળવવાની અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવાની સલાહ આપતા રહે છે... આને શું કહીશું......,?મતલબ કોરોના ની અસર રાજકારણના ક્ષેત્રમાં પડી નથી કે કોરોના નેતાઓથી દૂર રહ્યો છે. તો લોકોએ તમામ નિયમોનું પાલન કરવાનું પરંતુ રાજકીય નેતાઓની તેમાંથી મુક્તિ.....!!

દેશભરનીની પ્રજા કોરોનાથી ભારે પરેશાન છે. ત્યારે મોંઘવારી પ્રતિદિન વધતી જઈ રહી છે, બેરોજગારીનો દર વધ્યો છે, ત્યારે સરકાર પણ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારતી જઈ રહી છે. આમ પ્રજા લોકસભા ચૂંટણી પહેલા અને મોદીજી મુખ્યમંત્રી હતા ત્યારે વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ ઉપર ભાજપા નેતાઓ કે જેઓમા અનેકો અત્યારે કેન્દ્રમાં મંત્રી કે હોદ્દેદારો છે તેઓ જે બેફામ વાણીવિલાસ કરી કેન્દ્ર સરકાર ઉપર માછલાં ધોતાં, વડાપ્રધાનને બંગડી મોકલવાની વાત કરતાં, મોંઘવારી બાબતે જે દોષારોપણ કરતાં તેના વિડીયો વધુ પ્રમાણમાં વાયરલ થઈ રહ્યા છે. તો બાબા રામદેવે પેટ્રોલ ૩૫ રૂપિયે લીટર કરવા ભાજપાને મત આપવા અપીલ કરતા હતા તે તમામ અત્યારે મૌન થઈ ગયા છે. આમાંના કોઈ પણ પેટ્રોલ-ડિઝલના વધતા ભાવોની કે મોંઘવારીની કોઈ વાતજ કરતા નથી.... અને તે બાબતમા સવાલ કરવામાં આવે તો જૂની વાતો, જૂની બાબતો, પાકિસ્તાનની વાતો કે રામ મંદિરની વાતો કરવા લાગે છે. આને લોકોની કમનસીબી ન કહેવાય તો શું કહેવાય.....?તેવા પ્રશ્નો લોકોમાં ઉઠવા લાગ્યા છે. તો ચીને જે રીતે ભારતને ચારે તરફથી ઘેર્યું છે તેમજ સરહદે ઉબાડીયા કર્યા છે અને ૨૦ જવાનોને શહીદ કર્યા તેનાથી આમ પ્રજામાં ભારે આક્રોશ ફરી વળ્યો છે. ચીની ચીજ વસ્તુઓનો બહિસ્કાર કરી રહ્યા છે તે જોતાં લાગે છે કે કદાચ ભવિષ્યને ચાઈનીજ માલ ન ખરીદે તેવું પણ શકય બને......! વડાપ્રધાનશ્રી એ આવા સમયમાં ચીને ભારતની સરહદમાં ઘૂસણખોરી કરી નથી તે બાબતની ટ્વિટ ૧૯૭૫ માં ઈન્દિરા ગાંધીએ કટોકટી લાગુ કરી તે જ દિવસે વેબસાઈટ પરથી હટાવી દેવી પડી છે. કારણ વિશ્વભરમાં આ બાબતે ભારે ટીકા થઈ રહી હતી. અત્યારે દેશના રાજકીય પંડિતો અને શિક્ષિત વર્ગમાં એક જ ચર્ચા છે કે મોદીજી કે ભાજપા નેતાઓ પણ ચીનનો જાહેરમાં વિરોધ કેમ નથી કરતા....? અને ચીને યુધ્ધ જેવી સ્થિતિ બનાવી હોવા છતાં એનએસસીની બેઠક કેમ નથી બોલાવતા....? આ સંસ્થા દેશની સુરક્ષા અને વ્યૂહાત્મક બાબતે પીએમઓને સલાહ આપે છે. પરંતુ લોકો કહે છે કે મોદીજી સલાહ લેવામાં માનતા નથી કે પછી તેમને માત્ર પોતાના પરજ વિશ્વાસ છે.....

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૧૦/૦૭/૨૦૨૦, બુધવાર, અષાઢ સુદ-૧૧, ચાતુર્માસ વ્રતારંભ, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૫,
**આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા**

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | **- શુભ ચોઘડીયા -**<br>૬-૦૮થી લાભ-અમૃત-૯-૨૯ સુધી ૧૧-૧૦થી શુભ-૧૨-૫૧ સુધી, ૧૬-૧૨ થી ચલ-લાભ-૧૯-૩૪ સુધી, ૨૦-૫૩ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૧ સુધી<br><br>**- શુભ હોરા-**<br>૬-૦૮થી ૮-૨૨ સુધી, ૯-૨૯થી ૧૦-૩૬ સુધી, ૧૨-૫૧ થી ૧૬-૧૨ સુધી, ૧૭-૧૨ થી ૧૮-૨૭ સુધી |

# વડાલી ખાતે યુનિવર્સિટીના ખેડબ્રહ્મા સબ સેન્ટરનો કરાયો પ્રારંભ

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું ખેડબ્રહ્મા કેમ્પસ ઉચ્ચશિક્ષણ માટેનું શિરમોર સ્થાન બનશે – પ્રો. જે.જે. વોરા – કુલપતિશ્રી




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૧૩૩ કોલેજોમાં અભ્યાસ કરતાં ૩૫ હજાર વિધ્યાર્થીઓને પાટણ અવરજવરમાં પડતી હાલાકી દૂર થશે સાથે સાથે તેમનો સમય, નાણાં, ટ્રાન્સપોર્ટેશનનો હવે બચાવ થશે ગત ૨૯ જૂન સોમવાર થી વડાલી ખાતે યુનિવર્સિટીના સબ સેન્ટરનો શુભારંભ કરાયો છે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. જે જે વોરા પૂર્વ શિક્ષણમંત્રી રમણભાઈ વોરા, સાંસદ દીપસિંહ રાઠોડ તેમજ યુનિવર્સિટીના કારોબારી સભ્યો અને આ વિસ્તારની કોલેજોના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રીઓ વગેરેની ઉપસ્થિતિમાં ખેડબ્રહ્મા કેમ્પસનો ઉદ્દઘાટન સમારોહ શેઠ બી. સી .શાહ આર્ટ્સ કોલેજ, વડાલી ખાતે યોજાયો .

યુનિવર્સિટીના આ સબ સેન્ટર માટે સરકાર દ્વારા ૧૦૦ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે.જેમાં કેમ્પસની દીવાલ સહિતની કામગીરી પૂર્ણતાના આરે છે. તો ભવન નિર્માણ પણ આગામી ૯ માસમાં પૂર્ણ થશે, ત્યારે હવે હાલ પૂરતું આ સબ સેન્ટર વડાલી ખાતે આવેલી શેઠ બી. સી. શાહ આર્ટસ કોલેજ ખાતે યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. જે. જે. વોરા સાહેબના અધ્યક્ષ સાથને અને પૂર્વ શિક્ષણમંત્રી અને પૂર્વ વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરા સાંસદ દીપસિંહ રાઠોડ ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા ની ઉપસ્થિતિમાં કાર્યરત કરાયું છે. આ સેન્ટર માટેની ઓફિસ કાર્યરત કરવા માટેની સુવિધા કોલેજ ટ્રસ્ટ વિનામુલ્યે કોઈ જ ભાડા વગર આપ્યું છે.

આ સેન્ટરના ઉદ્દઘાટન પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો. જે જે વોરા સાહેબે જણાવ્યુ હતું કે આ કેમ્પસ શરૂ થવાથી આ વિસ્તારના વિધ્યાર્થીઓને હવે ઘરઆંગણે સુવિધા ઉપલબ્ધ બની છે જેથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૧૩૩ કોલેજોમાં અભ્યાસ કરતાં ૩૫ હજાર વિધ્યાર્થીઓને પાટણ સુધી આવવું નહીં પડે જેથી તેમનો સમય,નાણાં અને ટ્રાન્સપોર્ટેશન બચશે ,વધુમાં તેમણે એ પણ ખાત્રી આપી હતી કે જેમ જેમ આ વિસ્તારના વિધ્યાર્થીઓ અને કોલેજોની વિવિધ માગણીઓ આવતા અહી અપાતી સેવાઓમા વધારો કરાશે. આ સેન્ટર પર વિવિધ ફેકલ્ટીના ઉચ્ચશિક્ષણને લગતા અભ્યાસક્રમો થકી આ વિસ્તારનો યુવા રોજગારી મેળવતો થાય તે દિશામાં યુનિવર્સિટી પ્રયત્નશીલ રહેશે . આ પ્રસંગે આ વિસ્તારના જ આગેવાન અને પૂર્વ શિક્ષણમંત્રી અને પૂર્વ વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરાએ પણ જણાવ્યુ હતું કે યુનિવર્સિટી આ સેંટરને વધુ વિકસિત બનાવવા સરકારમાં જ્યાં પણ અમને કહેશે ત્યાં અમે તેમણે મદદરૂપ બનીશું સાથે સાથે આ કેમ્પસના વિકાસ માટે ૧૦૦ કરોડ ની જરુર પડશે તો અમે તે માટે સરકારને ભલામણ કરીને આ સેંટરને શિક્ષણનું શિરમોર સ્થાન બનાવીશું.

આ પ્રસંગે સાંસદ દીપસિંહ રાઠોડે જણાવ્યુ કે, ખાસ કરીને આ વિસ્તાર વનવાસી બાહુમૂલ્ય ધરાવે છે.અને ભૌગોલિક દ્રષ્ટિએ પણ વિશેષ છે. ત્યારે આ વિસ્તારના વિકાસમાં આ સેન્ટર ઉચ્ચશિક્ષણ આપી આમૂલ પરીવર્તન લાવવામાં મદદરૂપ બનશે તેવી આશા સાથે તેમણે કેન્દ્ર સરકારમાં પણ આ સેન્ટરના વિકાસમાં ભલામણ કરવાની થશે તો તેઓએ તત્પરતા દાખવી હતી ,આ સેંટરમાં નવીન અભ્યાસક્રમોની સાથે સાથે રોજગારલક્ષી કોર્સ શરૂ કરવામાં આવે તેવી પણ તેમણે આશા વ્યક્ત કરી હતી ?

આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય હિતુભાઈ કનોડિયાએ પણ આ સેંટરનો મહત્તમ લાભ લેવા યુવા વિધ્યાર્થીઓને અપીલ કરી હતી. સાથે સાથે આ સેન્ટર થકી અહીના યુવાઓની શિક્ષણ મેળવવાની વિધ્યા પિપાસા પૂર્ણ થશે. તેમણે સેન્ટરના વિકાસમાટે જ્યાં પણ જરૂર જણાશે ત્યાં મદદની ખાતરી આપી હતી અને તેમના મોટા બાપા શ્રી મહેશભાઈ કનોડિયા ને ડી.લિટ ની પદવી થી સન્માનીત કરવા બદલ યુનિવર્સિટીનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા વડાલી સ્થિત શેઠ બી . સી. શાહ આર્ટસ કોલેજના ટ્રસ્ટી શ્રી તખતસિંહ હડિયોલ અને કોલેજના પ્રિન્સિપાલ નરેશભાઈ પટેલે ખૂબ જહેમત ઉઠાવતા યુનિવર્સિટી વતી કારોબારી સભ્ય શૈલેષભાઈ પટેલે પણ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો સાથે સાથે તેમણે આ સેન્ટર અને આ વિસ્તારના વિધ્યાર્થીઓની જે પણ જરૂરિયાત હશે તે પૂરી કરવા યુનિવર્સિટીના કારોબારી વતી ખાતરી આપી હતી,અને વિધ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યમાટે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી,

આ પ્રસંગે કારોબારી સભ્યશ્રી સ્નેહલભાઈ પટેલ, દિલીપભાઈ ચૌધરી, હરેશભાઈ ચૌધરી, સાબરડેરીના પૂર્વ ચેરમેન જેઠાભાઈ પટેલ ,જિલ્લા ભાજપ પ્રમુખ જે ડી પટેલ ,અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, તથા આ વિસ્તારની કોલેજોના ટ્રસ્ટીશ્રીઓ ,આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની સ્વાગતવિધિ યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડો.ડી એમ પટેલ અને કાર્યક્રમ સંચાલન ભાર્ગવભાઈ શાસ્ત્રી અને ઘનશ્યામ પંચાલ તેમજ આભારવીધી ડો .જગદીશભાઈ પ્રજાપતિએ કરી હતી .

કોવિદ – ૧૯ ને અનુલક્ષી કાર્યક્રમ સ્થળ ખાતે માસ્ક ,સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈજરની વ્યવસ્થા ઊભી કરાઇ હતી

હાલ કાર્યરત કરાયેલ સેન્ટર ખાતે અઠવાડિયામાં એક વખત ઈન્ચાર્જ ઓફિસર તરીકે યુનિવર્સિટીના આસિસ્ટન્ટ રજીસ્ટાર ડો. જગદીશભાઈ પ્રજાપતિ ,ઉપરાંત ત્રણ ક્લાર્ક એક પટ્ટાવાળા અને એક ચોકિયાત રહેશે .

સેન્ટર ખાતે ઉપલબ્ધ સેવાઓ :- કોલેજની જોડાણ અરજીઓ,પી જી શિક્ષકની દરખાસ્ત,પી એચ ડી ગાઇડની દરખાસ્ત,પી જી સેંટરની દરખાસ્ત,વિવિધ પ્રકારના ઓફલાઇન ભરાયેલ ફોર્મ,ડિગ્રી સર્ટિફિકેટ વિતરણ,માર્કસશીટનું કોલેજને વિતરણ,દ્વજીજી ડાયરી ,સ્કાર્ફ વિતરણ,યુનિવર્સિટીના વિવિધ પ્રકારના ફોર્મ વિતરણ,વિધ્યાર્થીઓને તેમજ કોલેજોને માર્ગદર્શન

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં ઘટાડોઃ કોટનમાં તેજી

## કપાસ, સીપીઓમાં નરમાઈઃ મેન્થા તેલમાં નોમિનલ સુધારોઃ પ્રથમ સત્રમાં રૂ. ૮૯૬૦ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રામાં એમસીએક્સ પર ૧૪૩૬૧૮ સોદામાં રૂ. ૮૯૬૦.૩૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૮૮૨૯.૩૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૩૦.૯૯ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં એકંદરે વૃદ્ધિ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં તેજી સામે કપાસ અને સીપીઓ નરમ રહ્યા હતા, જ્યારે મેન્થા તેલમાં નોમિનલ સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૫૯૨૮૦ સોદાઓમાં રૂ. ૪૪૬૫.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૨૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૪૧૮ અને નીચામાં રૂ. ૪૮૨૨૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૧ વધીને રૂ. ૪૮૩૩૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૨૯૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૯૦ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૨ વધીને બંધમાં રૂ. ૪૮૪૧૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૨૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૫૫૦ અને નીચામાં રૂ. ૪૮૨૯૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૧૯ વધીને રૂ. ૪૮૪૪૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૯૩ વધીને રૂ. ૪૮૭૫૬ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૨૩ વધીને રૂ. ૪૮૫૦૫ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૬૫૯૬ સોદાઓમાં રૂ. ૨૩૫૮.૫૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૯૩ અને નીચામાં રૂ. ૨૯૫૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫ ઘટીને રૂ. ૨૯૭૫ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૯૩૨ સોદાઓમાં કુલ રૂ. ૨૮૮.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૫૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫૯૦ અને નીચામાં રૂ. ૧૫૫૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૦ વધીને રૂ. ૧૫૫૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૦૪.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૧ ઘટીને બંધમાં રૂ. ૭૦૦.૭ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૯૮૨ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૨ અને નીચામાં રૂ. ૯૮૦ રહી, અંતે રૂ. ૯૮૦.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૦.૫ અને નીચામાં રૂ. ૯૭૯.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૫૦ ઘટીને રૂ. ૯૮૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૪૯૯૨ સોદાઓમાં કુલ રૂ. ૨૮૧૩.૯૩ કરોડ ની કીમતનાં ૫૮૨૧.૩૩૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૪૨૮૮ સોદાઓમાં કુલ રૂ. ૧૬૫૧.૧૯ કરોડ ની કીમતનાં ૩૩૫.૫૯૮ ટન, ક્રૂડ તેલમાં ૩૦૮૭૮ સોદાઓમાં રૂ. ૧૩૭૪.૮૩ કરોડનાં ૪૬૨૦૬૦૦ બેરલ્સ, કોટનમાં ૧૯૦ સોદાઓમાં રૂ. ૧૦.૭૬ કરોડનાં ૬૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૬૩૬ સોદાઓમાં રૂ. ૨૬૮.૧૯ કરોડનાં ૪૦૮૫૦ ટન, મેન્થા તેલમાં ૬૫ સોદાઓમાં રૂ. ૮.૫૦ કરોડનાં ૮૫.૩૨ ટન, કપાસમાં ૪૧ સોદાઓમાં રૂ. ૮૦.૯૫ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૫૨.૬૨૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૫૭.૫૯ ટન, ક્રૂડ તેલમાં ૫૧૩૦ બેરલ્સ, કોટનમાં ૧૧૩૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૬૯૬૧૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૪૦.૪ ટન અને કપાસમાં ૩૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૧૩૦.૯૯ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૨.૭૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૨૮.૨૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૭૧.૭૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૬૯.૫ અને નીચામાં રૂ. ૬૦૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૩૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૫.૫ અને નીચામાં રૂ. ૧૯૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૧.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૨૫ અને નીચામાં રૂ. ૧૭૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૯૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૫૯૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૩૫.૫ અને નીચામાં રૂ. ૧૫૭૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૯૯.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૭.૨ અને નીચામાં રૂ. ૧૫૭.૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૪.૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૯.૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦ અને નીચામાં રૂ. ૧૪૬.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૩.૬ બંધ રહ્યો હતો.

# મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર પાણી ફરી વળ્યું, વીજકરંટ થી ૨ પશુના મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં આજે વહેલી સવારે અચાનક પલટો આવતા જિલ્લાના મોડાસા, મેઘરજ, માલપુર, મોડાસા અને ધનસુરા તાલુકામાં વરસાદી માહોલ સર્જાયો હતો. કાળા ડિબાંગ વાદળો છવાયા હતા ભારે પવન અને ગાજવીજ સાથે મોડાસા શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા શહેરમાં સૌથી વધારે દોઢ ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં, શહેરના ચાર રસ્તા,બસ સ્ટેશન, ડીપ સહિતના વિસ્તારની સોસાયટીમાં પાણી ભરાયા હતા જેના લીધે સ્થાનિકોને ભારે હાલાકી વેઠવી પડી હતી. ઉલ્લેખનીય છે કે પહેલા જ વરસાદમાં ઠેરઠેર પાણી ભરાતા તંત્રની નબળી કામગીરી છતી થઇ હતી મોડાસા શહેરમાં ભારે પવન સાથે વરસેલા વરસાદને કારણે વૃક્ષ ધરાશાયી થવાની ઘટનાઓ પણ ઘટતી હતી. મોડાસા શહેરના સતત વાહનોથી અને રાહદારીઓથી ધમધમતા બસ સ્ટેન્ડ પાછળ અજન્ટા કોમ્પ્લેક્ષ સામે રહેલી વીજડીપીમાં કરંટ ઉતરતા રખડતા પશુનું મોત નીપજ્યું હતું વીજડીપીની આજુબાજુમાં મોટા પ્રમાણમાં વાહનચાલકો તેમના વાહન પાર કરતાં હોય છે સદનસીબે વહેલી સવારનો સમય હોવાથી જાનહાની ટળી હતી અન્ય એક વીજડીપી માથી કરંટ ઉતરતા ગાયનું મોત નીપજ્યું હતું મંગવારે સવારે મેઘરાજાએ ધબધબાટી બોલાવતા મોડાસા શહેરમાં ૪૪ એમ.એમ, માલપુરમાં ૨૩ એમ.એમ મેઘરજમાં ૧૦ એમ. એમ., ધનસુરામાં ૯ એમ. એમ. જયારે ભિલોડામાં ૩ એમ. એમ. વરસાદ વરસ્યો હતો. મોડાસા નગરપાલિકા તંત્ર ની વિકાસની ગુલબાંગોને પહેલા જ વરસાદે પોલ ખોલી નાખી હતી મોડાસા શહેરમાં વહેલી સવારે ૧ કલાકમાં ખાબકેલા ૨ ઈંચ જેટલા વરસાદે પ્રિમોન્સુન પ્લાન ધરાશાયી કરી દીધો હતો શહેરમાં મુખ્યમાર્ગ પર પાણી ફરી વળ્યાં હતા અરવલ્લી જિલ્લામાં મંગળવારે વહેલી સવારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો ધસી આવ્યા હતા ગણતરીની મિનિટોમાં કડાકા-ભડાકા સાથે વરસાદ વરસવાની સાથે વીજળીના ચમકારાઓએ ભયનો માહોલ સર્જ્યો હતો મેઘરજના ઓઢા-કસાણા ગામે રહેણાંક વિસ્તાર નજીક આવેલા ખેતરમાં ઉભા ઝાડ પર વીજળી પડતા ઝાડ ભડભડ સળગી ઉઠ્યુ હતું સદ્દનસીબે વીજળી ખુલ્લા ખેતરમાં ત્રાટકતા જાનહાની ટળતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

# અંબાજી ગ્રામ પંચાયતમાં ઉપસરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ઉપસરપંચ વિરુધ્ધ ૧૪ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી હતી આજે ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઉપસરપંચ વિરુધ્ધ ૧૭ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તના તરફેણમાં મત આપ્યા અને અવિશ્વાસની દરખાસ્તના વિરોધમાં શું પડ્યાગ્રામ પંચાયતના કુલ ૧૮ સભ્યો પૈકી ૧૬ સભ્યો હાજર હતા અને એક સરપંચ શ્રી પોતાનો મત આપ્યો ગ્રામ પંચાયતના ઉપસરપંચ વિરુધ્ધ ર્ક્ષ્ઠાર્દ્બુહ દરમિયાન એલીડી લાઈટો ના મામલે અને વિકાસના કામોમાં રોડા નાખવા બાબતે અવિશ્વાસની દરખાસ્ત મુકાઈ હતી

# લગ્નજીવનનું પહેલું પગરણ – સગપણ



લગ્ન પહેલાં સગપણ નક્કી કરવામાં આવે છે અને સગપણથી લગ્ન વચ્ચે એક સમયગાળો રાખવામાં આવતો હોય છે. જે સમયગાળામાં બે વ્યક્તિ જે ભવિષ્યમાં જીવનસાથી બનવા જઈ રહ્યા છે, તેમને એકબીજાને ઓળખવાની તક મળે છે. પ્રેમ, લાગણી, સમજણથી બંને એકબીજાને સંપૂર્ણ રીતે પારખવાનો પ્રયત્ન કરે છે. તેથી ઘણા કહે છે, કે લગ્ન નહી પણ લગ્ન જેવા બંધનમાં બંધાવાની શરૂઆત તે સગપણ છે.

ઘણીવાર થાય કે આ સગપણ શું છે? જોકે આવા વિષયોની જ્યારે પણ ચર્ચા થાય ત્યારે આ બાબતે લોકોના અલગ અલગ વિચારો જાણવા મળે છે, પરંતુ એક બાબત પર તો બધાં સહમત હશે જ કે સગપણ એ લગ્ન પહેલાંની એવી સ્થિતિ છે, જે બે બિલકુલ અજાણી વ્યક્તિની વિચારધારાને એકસાથે જોડે છે. જ્યારે કોઈ છોકરા કે છોકરીનું સગપણ, સગાઈ એટલે કે અન્ગેજમેન્ટ થાય છે તો તેના મનમાં પોતાના ભાવિ જીવનસાથીને લઈને નવા નવા વિચારો આવે છે.

શરૂઆતમાં જે વ્યક્તિ એકદમ જ અજાણી હોય જેના માટે મનમાં કોઈ ભાવના નથી હોતી તે જ વ્યક્તિ સગપણ પછી પ્રિય બની જાય છે. આ સમયગાળો એવો છે, જેમાં બે વ્યક્તિને એકબીજા માટે કૂણી લાગણી જન્મે છે. દરેક રીતે એકબીજાની સારી બાબતોને રજૂ કરવાનો પ્રયત્ન થતો રહે છે અને એકબીજાના મન પર સારી છાપ ઉપસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ભાવિ દંપતી માટે ખરેખર સગપણ પછી મનના તાર એકબીજા સાથે જોડાઈ જાય છે. આમ પણ સગપણની વીંટી હાથની અનામિકા આંગળીમાં પહેરાવવામાં આવે છે. જેની નસ સીધી હૃદય સાથે જોડાયેલી હોય છે. જે બંનેના હૃદયના તારને આ એક વસ્તુ વડે જોડી દે છે. બે હૃદય એક બનીને ધબકવાની શરૂઆત કરે છે. બે અજાણી વ્યક્તિ એકબીજાની સૌથી નજીકની વ્યક્તિ બનવાનો સુંદર પ્રયત્ન કરે છે.

જોકે સગપણ બાદ ક્યારેક છોકરા કે છોકરીના મનમાં એવી ભાવના ઘર કરી જાય છે કે આ છોકરા કે છોકરી સાથે તેને આખી જિંદગી પસાર કરવાની છે. શરૂઆતમાં વાત કરવામાં ખચકાટ થતો હતો, પરંતુ ધીરે ધીરે સારી શરૂઆત થઈ જાય છે. જે બંનેને સાચા જીવનસાથી તરીકે હંમેશા જોડી રાખશે તેવો વિશ્વાસ જન્માવે છે.

સગપણથી લગ્ન સુધીનો સમયગાળો પણ ખૂબ રોમાંચિત હોય છે. જયારે શરૂઆતમાં બે અજાણી વ્યક્તિ વાત કરવાની, એકબીજાને ઓળખવાની શરૂઆત કરે છે, ત્યાંરે પહેલી વાત એ હોય છે કે તમે શું કરતા હતા? ત્યારબાદ મારી યાદ આવે છે; ત્યાંથી લઈને તમને શું ખાવાનું પસંદ છે? કયો ડ્રેસ સારો લાગે છે? શોખ શું છે? ઘરપરિવારની એવી ઘણી વાતો, જે તેમના ભાવિ દામ્પત્યજીવન માટે જરૂરી હોય છે, એવા પ્રશ્નોથી વાતચીત શરૂ થાય છે. ધીરે ધીરે આ વાત માતાપિતા, ભાઈબહેનો અને અન્ય સંબંધોની જાણકારી લેવા સુધી પહોંચી જાય છે.

ત્યારબાદ જ્યારે પણ કોઈ છોકરી તેના સાસરે જાય છે ત્યારે તેને ત્યાંનું વાતાવરણ અજાણ્યું નથી લાગતું. પતિનું ઘર તેને પોતાના ઘર જેવું લાગવા માંડે છે. એકમાત્ર કારણ સગાઈ અને લગ્ન વચ્ચેના સમયગાળામાં એકબીજાની પસંદ-નાપસંદ અને ઘરપરિવાર વિશે જાણકારી મેળવવાનું હોય છે. સગપણ બાદ બંને વચ્ચે પોતાનાં કે પારકાં જેવું કાંઈ જ હોતું નથી. તેઓ એકબીજાને મળે છે. ફોન અને પત્રો દ્વારા ખૂબ જ વાતો કરે છે. આ સમય તેમની જિંદગીનો અમૂલ્ય અવસર હોય છે. જે લગ્ન બાદ પણ યાદ રહેતો હોય છે.

સગપણ એક એવો શબ્દ છે, જે જીવનમાં ઉમેરાય પછી ભવિષ્યના જીવનસાથી સાથે પરિચય થાય છે. સગપણ અને લગ્ન વચ્ચેના સમયને આપણે ભવિષ્યની યોજનાઓ બનાવવાં તથા એકબીજાના વિચારો જાણવામાં પસાર કરી દઈએ છીએ જેનાથી સુખી દામ્પત્યજીવનની શરૂઆત થાય છે. સમયની સાથે સાથે સંબંધો તથા પારંપરિક જીવનમૂલ્યોમાં પણ ફેરફાર થયા છે.

પહેલાં જયારે છોકરા-છોકરીઓને લગ્ન પહેલાં મળવા માટેની પરવાનગી નહોતી મળતી, ઘરના વડીલો જ સંબંધ નક્કી કરતાં હતાં. હવે માત્ર છોકરા-છોકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર મળ્યો છે તેવું નથી, પરંતુ તેમને સગપણ બાદ એકબીજાના ઘરે આવવા જવાની છુટ પણ મળે છે.

જેથી તેઓ એકબીજાના પરિવારોની પરંપરાઓ, આચારવિચાર તથા રીતરિવાજોને સરળતાથી અપનાવી શકે અને તેના પર ઘરની તમામ જવાબદારીઓને પહેલેથી જ જાણવાની તક મળી જાય છે. સગપણ બાદ છોકરી પાસે આ સમગ્ર પરિસ્થિતિને સમજવા માટેનો થોડો ઘણો સમય હોય છે. સગપણ એકબીજા સાથેના ભાવનાત્મક જોડાણની મહત્વપૂર્ણ પ્રક્રિયા છે, જેના આધારે જ સુખી ભવિષ્ય તથા સંતોષપૂર્ણ દામ્પત્યજીવનનો પાયો નાંખવામાં આવે છે. તેના આધારે જ છોકરી પોતાના નવા ઘરમાં જઈને પોતાના પતિ તથા ઘરના અન્ય સભ્યોને પોતાના સ્નેહની દોરીથી બાંધે છે.




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યુઝ ઓફ ગાંધીનગર.




વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ.
ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા, નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા
ગ્રાફિક્સ,ડીઝાઇન : પ્રણવ ઝાંખર
વિષય :-કહેવત
પ્રેમની પીડામાં વૈદુના ચાલે....??
પ્રેમ જેટલો આનંદ આપે છે ઘણીવાર ઘણું દર્દ પણ આપે છે.એ પીડા એટલી અસહ્ય હોય કે નથી કોઈને વર્ણવી શકાતી કે નથી કોઈ એનો ઈલાજ કરી શકતું.ડોકટર.. વૈદ્ય કોઈપણ જોડે તેની દવા હોતી નથી...જીવનમાં ઘણીવાર એ પીડા આપણને એકજ રૂપમાં મળે એવું નથી.

દીકરી જ્યારે એના માબાપનો પ્રેમભર્યો હાથ છોડી સાસરી વિદાય થાય છે ત્યારે પણ એ પીડા અનુભવે છે...એની એ પીડાનો કોઈ ઇલાજ નથી કોઈ ગમે તેટલું
કરે પણ માબાપ સરીખો પ્રેમ નાજ આપી શકે...

દોસ્તોથી અલગ થવાની પીડા પણ ના ઈલાજ હોય છે...જીવનમાં દરેક વ્યક્તિનું અલગ અલગ સ્થાન હોય છે ને પ્રેમ પણ અલગ અલગ રૂપે ...એટલે કોઈના પ્રેમમાં મળેલી પીડા કોઈ ઓછી નથી કરી શકતું. પછી એમાં કોઈ ઈલાજ કામ નથી આવતો એતો સહન કર્યેજ છૂટકો.

બે વ્યક્તિ જ્યારે એકબીજાને અનહદ પ્રેમ કરતી હોય પણ કોઈ કારણસર બન્ને ને અલગ થવું પડે તો દુનિયા વિચારે એમાં શું થયું પણ એની જે પીડા હોય એતો એ બન્ને જાણતા હોય કે ના પીડાનો કોઈ ઈલાજ કરી શકાય કે ના સહી શકાય એ વ્યક્તિ અસહ્ય વેદના વચ્ચે જીવે પણ એનું કોઈ વૈદુ
ના હોય.....
શીલા પટેલ .... .ગાંધીનગર

---

સ્પર્ધા નં ૮
કહેવત
પ્રેમની પીડામાં વૈદું ચાલે નહિ
ઉપરોક્ત કહેવત પરથી કહી શકાય કે આ અઢી અક્ષરનો શબ્દ એવી પીડા આપે છે કે તેનું નિદાન કોઈ વૈદ પાસે નથી જ. પ્રેમનો નિદાન માત્ર ને માત્ર પ્રેમ જ છે. પ્રેમ એ ગમે ત્યારે, ગમે તે સ્થળે, ગમે તે ઉંમરે આપોઆપ થઇ જાય છે.એક વખત જો પ્રેમ થઈ ગયો તો બસ!! ' પ્રેમ છે તો પીડા છે, પીડા છે એટલે પ્રેમ નથી અને જ્યાં પીડા છે ત્યાં પ્રેમ છે અને જ્યાં પીડા નથી ત્યાં પ્રેમ પણ નથી.
" જો પ્રેમ મળે તો ઠીક,
નહિ તો પછી પીડા થવાની બીક,
બસ આ જ છે જીવનની રીત,
એવી જ છે આજની પ્રિત!!"
પ્રેમ એ ભાઈ - બહેન, માતા - બાળક એમ તમામ સબંધો વચ્ચે પ્રેમ છે જ.જ્યારે ભાઈ કોઈ વાત માટે બહેનને રોકે છે તો તે પ્રેમ છે , માતા બાળકને કોઈ વાત માટે વઢે છે તો એ પ્રેમ છે.ત્યારે જે પીડા માંને થતી હોય છે એ સાચો પ્રેમ છે .એની દવા કોઈ વૈદ પાસે નથી. એ પીડા માત્ર અનુભવી શકાય છે !!
નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ" માંડવી કચ્છ

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
સ્પર્ધા નંબર-૮
વિભાગ- કહેવત
શીર્ષક-"પ્રેમરોગ"(કહેવત પરથી વાર્તા)
પ્રેમની પીડામાં વૈદું ચાલે નહિ
જય આઠ દિવસની રજા લઈ ઘર તરફ રવાના થયો,કારણકે તેના પપ્પાએ તેના માટે ત્રણ-ચાર છોકરીઓ જોવાનો પ્લાન કરી રાખ્યો હતો અને છોકરી ગમે તો સગાઇ પણ કરી દેવી.

આજ તો જયને પોતાનાં પર ખીજ ચઢતી હતી કે,પોતે કેમ પપ્પાને સ્પષ્ટ ન કહી શક્યો કે,પોતે જિયાને પ્રેમ કરે છે ને લગ્ન પણ તેની સાથે જ કરશે." ખેર હવે જઈશ ત્યારે રૂબરૂ કહી દઈશ એમ મનોમન વિચાર્યું. ઘરે પહોંચતા બીજા દિવસથી ચાર- પાંચ છોકરીઓ જોવાનો પ્લાન હતો તે મુજબ છોકરીઓ જોઈ પણ ખરી. હવે પપ્પાને જિયા વિશે કેમ કહેવું?ગુસ્સે થઈ જશે તો? તેના સ્વભાવ મુજબ. એ અવઢવમાં જય બે દિવસ થયા પોતાના રૂમની બહાર પણ નહોતો નીકળ્યો. આજ તો પરાગભાઈ જયના રૂમ પર આવ્યા અને કહેવા લાગ્યા,"જય તે શું નક્કી કર્યું? કઈ છોકરી તને વધારે ગમી? પણ પહેલાં એ કહે તને થયું છે શું? તારી હાલત તો જો? બે દિવસ થી નીચે નથી ઉતર્યો,સરખું જમ્યો પણ નથી! આ તે કેવો રોગ!"

ત્યાં પાછળ થી મોટા દીકરાની વહુ કેતકી બોલી,"પપ્પાજી, જયભાઈને પ્રેમરોગ લાગુ પડ્યો છે.(મોબાઈલ દેખાડતા)આ જુઓ જિયાનો ફોટો જયભાઈ સાથે જોબ કરે છે,ને આપણાં જયભાઈ તેને દિલ દઈ બેઠાં છે." હવે સમજાયું? પ્રેમની પીડામાં વૈદું ચાલે નહિ."
પૂજા(અલકા)કાનાણી.મીઠાપુર.

---

કહેવત સ્પર્ધા -૮
પ્રેમના પીડામાં વૈદું ચાલે નહિ.
પ્રેમ એટલે લાગણી.
એકબીજા તરફથી લાગણીઓનું ઊછળતું પૂર.
પ્રેમ મા અને દીકરા- દીકરીનો,બાપ અને દીકરા- દીકરીનો, મિત્ર-મિત્રનો,ભાઇ-બહેનનો, કોઈ જગ્યા, વસ્તુ ,રૂપિયા ,પ્રાણી-પક્ષી સાથેનો પ્રેમ...વિગેરે પ્રેમ આ જગતમાં જોવા મળે છે.

પ્રેમના કારણે અપેક્ષાઓની અશક્યની દુનિયા બની જાય છે. માણસ પ્રેમની એટલી બધી મહત્વાકાંક્ષા વધારી છે કે અપેક્ષાઓના દરિયામાં દુઃખ મળે છે. જેમ દરિયાના પેટાળમાંથી મોતી મળે તેમ.

વધુ પડતા પ્રેમના કારણે દુઃખ મળે છે. દુઃખની દવા શું હોઈ શકે? પ્રેમના રોગની દવા પ્રેમ જ હોઈ શકે.

શબરી રોજ એઠાં બોર ચાખીને ભેગા કરે છે. મારા રામ ક્યારે આવશે? તે એક પ્રેમની જે પીડા છે.એ પ્રેમની પીડા માટે રામ ભગવાન એઠાં બોર ખાઈને પ્રેમ રૂપી ભક્તિથી ઉપચાર કરે છે.

દ્વારકામાં કૃષ્ણ ભગવાનને સુદામા મળવા જાય છે. ત્યારે પોતે કૃષ્ણ ભગવાનની જાહોજલાલી જોઈને તેમના માટે પ્રેમથી લાવેલા તાંદુલ સંતાડે છે. સંતાડેલા તાંદુલમાં કૃષ્ણ ભગવાનને મિત્રતાનો પ્રેમ દેખાય છે. પ્રેમના કારણે તાંદુલમાં છપ્પનભોગનો સ્વાદ ભળે છે.

નવજાત શિશુ મા વગર રોતું હોય છે. બીજાં લોકો ગમે તેટલા પ્રયત્નો ,લોભ- લાલચ આપે પણ તે શાંત થતું નથી. જ્યારે મા આવીને તેને મમતાનો પાલવ પાથરીને હાથ ફેરવે છે. તે શાંત થઈ જાય છે. આમ, પ્રેમની પીડામાં વૈદું ચાલે નહીં.
'ચેતના'
ચેતનાબેન મનોજકુમાર પંચાલ પાલનપુર

# S.Tમાં વીકલી of જમા હોય ન હોય તેવા કર્મીઓને ફરજ આપવાનાં નિર્ણય સામે રોષ?

ધ્રૂવ દવે સિદ્ધપુર

ભારત સરકારના ગૃહ મંત્રાલયનાં ૨૯મી માર્ચનાં જાહેર કરેલા નોટિફિકેશન નાં મુદ્દા નં.૩ પ્રમાણે કોઈ પણ સંસ્થાએ તેના કર્મચારીનો પગાર કાપવો નહી તેવો આદેશ કરાયો છે.આ આદેશ મુજબ એસટી નિગમે ગત મે માસનો પગાર ચૂકવેલ છે.પરંતુ જૂન માસમાં પણ ફક્ત ૩૦ ટકા જેટલુ જ સંચાલન ચાલુ કર્યુ હોવાથી દરેક ડ્રાઈવર-કંડકટરને ફરજ પર બોલાવી શકાયા ન હોવાથી પગાર ચુકવણી માં સરકારના આદેશની અવહેલના કરવામાં ન આવે તેમજ આવા કટોકટી નાં સમયે દરેક કર્મચારીને ફરજ પર હાજર ગણી પગાર ચૂકવવામાં આવે તેવી ત્રણેય માન્ય યુનિયન ની બનેલી સેન્ટ્રલ સંકલન સમિતિએ લેખિત રજૂઆત કરી છે. એસટી નિગમનાં કેટલાંક કર્મઠ કર્મચારી ઓએ સામાજિક રિત-રિવાજો અને વાર-તહેવાર ભૂલી નિગમની શાખ જળવાઈ રહે તેમજ સરળ સંચાલન ચાલે તેવા શુભ આશયથી તેમના ઉપલા અધિકારીઓનાં કહેવાનુસાર ભૂતકાળમાં તેમના હક્કનાં વીકલી ઓફ અને પેઈડ હોલિડે જમા કરી સંનિષ્ઠતાથી ફરજ નિભાવી છે તેવા કામદારોને અત્યારે જ્યારે ૩૦ ટકા જ સંચાલન ચાલુ છે ત્યારે આવા ડ્રાઈવર-કંડકટરને તેમના જમા વીકલી ઓફ કે પીએચ ફરજિયાત આપી દેવાનાં નિર્ણયથી કામદારોમાં અને સંગઠનોમાં રોષ ભભૂકી રહ્યો છે.આમ પડતર વીકલી ઓફ અને પીએચ જે-તે સમયે ડેપો કક્ષાએ પ્રવર્તતી ઘટના કારણે આવા ડ્રાઈવર-કંડકટરોને આપી શકાયા નથી.અત્યારે કોરોના કેસની સંખ્યામાં દિન-પ્રતિદિન ધરખમ વધારો થઈ રહ્યો હોવાથી સરકારી ગાઈડલાઈન મુજબ પોઈન્ટ ટુ પોઈન્ટ સર્વિસ અંતર્ગત ૩૦ ટકા જેટલુ જ સંચાલન ચાલુ છે.૭૦ ટકા સંચાલન બંધ રાખવા નિર્ણય કરાયો છે. આ સ્થિતિમાં વહીવટ દ્વારા વિભાગીય નિયામકને તેમના દરેક ડેપોમાં ડ્યુટી લિસ્ટ બનાવતા કર્મચારી-સુપરવાઈઝરને જે કર્મચારીઓના વીકલી ઓફ/પીએચ પડતર હોય તેમને તેમની સંનિષ્ઠતાનો શિરપાવ આપી ફરજિયાત રજા આપી જેમને આવી રજાઓ જમા નથી તેમને જ ફરજ પર બોલાવવા જણાવાયુ છે.જો કે ઓછા સંચાલનમાં આવા તમામ કામદારોને પણ ફરજ આપી શકાય તેવુ આયોજન આ મહિનામાં થયેલ નથી.આ બાબતે બીએમએસ,કર્મચારી મહામંડળ અને મજદૂર મહાસંઘ એ ઉપાધ્યક્ષને રજૂઆત કરી આ નિર્ણય વ્યાજબી નથી તેવું જણાવેલ છે.જો કામદાર સ્વેચ્છીક વીકલી ઓફ/પીએચ ભોગવવા તૈયાર હોય તો નહીંતર તેમની ઉપર દબાણ કરાય તે યોગ્ય નથી.ગત માસે પણ આવો નિર્ણય લેવાયેલ જેનો સંગઠનો દ્વારા ઉગ્ર વિરોધ ઉઠાવી કામદારોને અન્યાય થવા દેવાશે નહી તેવી હૈયાધારણા અપાઈ હતી.બાદમાં ગત મે માસમાં વહિવટે કામદારોના જમા વીકલી ઓફ/પીએચ ભરવા નહી તેવો આદેશ કર્યો હતો.આમ જ નિગમ દ્વારા તેના બહોળા કામદારોનાં હિતમાં નિર્ણય કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ હોવાનુ જાણવા મળેલ છે.

# પાલનપુર માહિતી ઓફિસના કર્મચારીશ્રી બી.એસ.વાઘેલા વયનિવૃત્ત થતાં વિદાયમાન અપાયું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

જિલ્લા માહિતી કચેરી પાલનપુર ખાતે છેલ્લા ૨૦ વર્ષથી વર્ગ-૩ માં ઓપરેટર તરીકે ફરજ બજાવતાં શ્રી બી.એસ.વાઘેલા વયમર્યાદાના લીધે નિવૃત્ત થતાં જિલ્લા માહિતી કચેરી પાલનપુરના સ્ટાફ ધ્વારા વિદાયમાન અપાયું હતું. આ પ્રસંગે અધિકારી/કર્મચારીઓ ધ્વારા શાલ, ફુલહાર, શ્રીફળ-સાકર અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. પાલનપુર માહિતી કચેરીના અધિકારીશ્રી ડી. પી. રાજપૂત અને કર્મચારીઓએ શ્રી બી.એસ.વાઘેલાની ઓફિસમાં કામ કરવાની આગવી કુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શ્રી બી.એસ.વાઘેલાએ મિડીયાના મિત્રો સાથે સારુ સંકલન જાળવી સુંદર કામગીરી કરી છે.



શ્રી વાઘેલા ૩૭ વર્ષની તેમની સરકારી નોકરીમાં દાંતા, ગોધરા અને પાલનપુર ખાતે સરસ કામગીરી કરી કર્મચારીઓ અને મિડીયાના મિત્રોમાં આદરભર્યુ સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે નાયબ માહિતી નિયામકશ્રી ડી. પી. રાજપૂત, સિનિયર સબ એડિટરશ્રી માનસિંહ સિસોદીયા અને શ્રી રેસુંગ ચૌહાણ, શ્રી એસ.એમ.પટેલ, શ્રી ગુલાબસિંહ પરમાર, શ્રીમતી ઉષાબેન પાધ્યા, શ્રી કેતન ગજ્જર, શ્રી ભરતભાઇ ચડોખીયા સહિત કચેરીના કર્મચારીઓ, શ્રી બી.એસ.વાઘેલાના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન સિનિયર સબ એડિટરશ્રી માનસિંહ સિસોદીયાએ કર્યુ હતું. જયારે આભારવિધિ શ્રી એસ.એમ.પટેલે કરી હતી.

# કોરોના સંક્રમણ ને અટકાવવા બાંટવામાં દુકાનો સવારે ૮ થી બપોરે ૨ સુધી જ ખુલી રહેશે

બાંટવાઃ-

હાલ પ્રવર્તમાન સમયમાં કોરાના વાયરસ મહામારી માં કોરોના વાયરસ નો સંક્રમણ વધી રહ્યું છે જેમા જુનાગઢ જિલ્લો પણ બાકાત રહેવા પામેલ નથી જિલ્લાના તમામ તાલુકાઓમાં કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે જેમાં બાંટવા શહેરમાં પણ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાતા બાંટવા શહેર ગ્રેન કરિયાણા એન્ડ કેટલફીડ મર્ચન્ટ એસોસિયેશન દ્વારા સોમવાર તા. ૨૯/૬ થી તા.૧૫/૭ સુધી દરરોજ સવારનાં ૮=૦૦ વાગ્યાથી બપોરના ૨=૦૦ વાગ્યા સુધીજ હોલસેલ અને રિટેલ દુકાનો ખુલી રાખવાનો સ્વૈચ્છિક નિર્ણય એસોસિએશન નાં તમામ વેપારી ભાઈઓ દ્વારા લેવામાં આવેલ છે એમ બંન્ને એસોસિએશન ના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ આર.રાઠોડે જણાવ્યું છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

વંથલી નગર પાલિકા દ્વારા
# ભારે વરસાદ નાં કારણે નુકસાન થયેલ રસ્તાઓ નાં કામ માં વિલંબ કરતી એજન્સીઓ ને ફટકાર્યો દંડ

(જીજ્ઞેશ પટેલ દ્વારા )

વંથલી શહેરી વિસ્તારોમાં માં તાજેતરમાં પડેલ વરસાદ નાં પગલે રોડ રસ્તાઓ ધોવાયા હતા અને જેના પગલે નગરજનોને માં નારાજગી ફેલાઈ હતી પરંતુ નગર પાલિકા દ્વારા બે એજન્સીઓ ને કામ આપેલ હતું પણ રાજકીય ઈશારે વિપક્ષ નાં કહેવા થી આ એજન્સીઓ કામ ન કરતી હોવાનું પ્રમુખ સીરાઝ વાજા એ આક્ષેપ કરી જણાવ્યું હતું કે વંથલી કોંગ્રેસ ને બદનામ કરવા નગરપાલિકા વિસ્તારમાં ફરિયાદો ઉદભવે તેવી પ્રવૃત્તિઓ વિપક્ષ દ્વારા છેલ્લા ઘણા સમયથી કરવા માં આવી રહી છે,ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી બે એજન્સીઓ ને કામ સોંપેલ હોવા છતાં આ એજન્સીઓ દ્વારા કામ શરૂ કરવામાં ન આવતા વંથલી નગરપાલિકા દ્વારા અવારનવાર તાકીદ કરવામાં આવી હોવા છતાં કામ શરૂ ન થતા વંથલી નગરપાલિકા દ્વારા દંડ ફટકાર્યો છે જેમાં આર કે એજન્સી અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને દંડ ફટકારી આક્રમક કાર્યવાહી હાથ ધરતા ફફડાટ ફેલાય જવા પામ્યો છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# માણાવદરના જાંબુડા રોણકીમાં પાંચ ઈંચ વરસાદ

માણાવદર પંથકમાં આકાશમાં પ્રચંડ કડાકા ભડાકા ગર્જના બાદ શહેરમાં વરસાદ ચાલું થયો હતો જેને જોત જોતામાં જાંબુડા તથા રોણકી ગામ બાજુ ૨ થી ૩ ઈંચ વરસાદ એક કલાકમાં વરસાદી માહોલ ઝંઝાવાતી બનીને પ્રચંડ કડાકા ભડાકા ગર્જના એ સમગ્ર પંથકને ધ્રૂજાવી દીધું હતું જોત જોતામાં રીતસર અનરાધાર વરસાદે સમગ્ર પંથક જાંબુડા રોણકી બાજુ ના વિસ્તાર ને ધમરોળી નાંખ્યું એક કલાકમાં પાંચ થી વધુ વરસાદ થી ચેકડેમો નદીઓ બેફામ પાણીથી છલકાયા જાંબુડા જવાનો રસ્તો બંધ કરી દીધો ત્યાંથી બધુ જ પાણી છલકાય ને શહેરના સૌથી લાંબા વિસ્તાર એવા રસાલા ડેમ જે કોરો ધાકોડ હતો પરંતુ આસપાસ તો ધોડાપુર આવીને ચેકડેમો સ્મશાન પાછળ નો ચેકડેમ અતિભારે પ્રવાહથી વહીને રસાલા ડેમ ને ભરી દિધો હતો લોકોએ અચાનક આવેલા ધોડાપુર થી સફાળા જાગી ગયા હતા કેમકે વરસાદ ના પ્રથમ વખતના ધોડાપુર પૂર જોવાની આહલાદક વાતાવરણ મા ઠંડક ગરમીમાં રાહત સાથે અનેરો નજારો હતો તો વેળવા માં સાડા ચાર ઈંચ વરસાદ થી પાણીની નદીઓ વોંકળા બેફામ વહીને જીલાણાના પાદરમાં પહોચ્યા સણોસરા ૩.૫ ઈંચ ગળવાવ ૪.૫ ઈંચ વરસાદથી ભાલેચડા ગારી વહી હતી શહેરમાં માત્ર ૨૮ એમ એમ વરસાદ નોંધાયો હતો ગ્રામ્ય વિસ્તાર માં ભારે વરસાદ થી નાના મોટા ચેકડેમો માં ભારે પાણી આવ્યા ખેતરો જળબંબાકાર થઇ ઉઠયા છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# ૧ જુલાઈ એ સિંગર અને પરફોર્મર ધરા શાહ નું નવું ગીત રંગરેઝ થઈ રહ્યું છે રિલીઝ




કેસર, ઓઢણી, વા વાયા ને, શ્રી નાથ જી, અને બીજા અઢળક મ્યુઝિક વિડિયો તેમજ લાઈવ કાર્યક્રમો દ્વારા પ્રખ્યાત થયેલા ગુજરાતી અને હિન્દી ગીતો ના પરફોર્મર સિંગર ધરા શાહ દ્વારા તેમના ચાહકો અને દર્શકો માટે કંઈક નવી વસ્તુ આપવા માટે હંમેશા તત્પર રહે છે. કોરોના ના સમય માં લોકડાઉન ના સમય નો સદઉપયોગ કરી ને ધરા શાહ દ્વારા તેમની ઑફિશ્યલ youtube ચેનલ પર મનગમતા ગીતો ની એક સિરીઝ રજૂ કરવા માં આવી હતી.

જેમાં સૌ પ્રથમ ગીત Classi Wood ના ટાઈટલ અંતર્ગત ×લાલ ઈશ્ક× ×આયત× અને ૧ જુલાઈ ના દિવસે આવી રહ્યું છે ×રંગરેઝ×. આ બધા જ ગીતો ની વાત કરતા ધરા શાહ જણાવે છે કેલોકડાઉન માં હું મારા તરફ થી કઈક ક્રિએટિવ આપી શકું એટલે મે આ series કરવાનો વિચાર કર્યો. બોલીવુડ ના એવા ગીતો જે કલાસિકલ રાગ પર આધારિત હોય - અને એટલે નામ આપ્યું - ક્લાસિવૂડ.આ લોકડાઉન માં તૈયાર કરવાના વિચાર માં પેહલો પ્રશ્ન સ્ટુડિયો માં જઈ ને ગાવા નો, અને આઉટડોર કે ઈન્ડોર માં શૂટ કરવાનો આવ્યો. બરોડા માં ફસાયેલી હતી ત્યારે ગમે તેમ કરી ને આ series બનાવવી હતી. બાથરૂમ માં , મોબાઈલ ના ઈયર ફોન માં રેકોર્ડ કર્યા જેથી કરી ને ઓછા માં ઓછું disturbance આવે. પણ તેમ છતાં મ્યુઝિક અને વિડિયો નો પ્રશ્ન હજી ઉભો જ હતો. ત્યારે મારા બધા જ આલ્બમ ના જે મ્યુઝિક પાર્ટનર છે - જીમ્મી દેસાઈ એમણે આમાં જોડાવા તૈયારી બતાવી. અને મારા વીડિયો પાર્ટનર - ચિંતન મેહતા એ editing ની તૈયારી બતાવી. અને મારી ઘણી ઈવેન્ટ ને કવર કરવા આવતા પાર્થ ગોંડલિયા એ શૂટ કરવાની તૈયારી બતાવી. અને આવી રીતે આ સિરીઝ તૈયાર થઈ. સોશ્યલ ડિસ્ટન્સ નું ધ્યાન રાખી પોત પોતાના ઘરે થી જ આ સિરીઝ તૈયાર કરવા માં આવી. આ સિરીઝ નો કોન્સેપ્ટ ધરા શાહ નો છે. બધા જ વીડિયો માં સંગીત જીમ્મી દેસાઈ નું છે. વિડિયો ચિંતન મેહતા એ કર્યા છે અને DOP પાર્થ ગોન્ડલીયા છે. લોકો ને આ કોન્સેપ્ટ અને સંગીત ખૂબ ગમી રહ્યું છે એના માટે ખૂબ આનંદ છે. આ અને આવનારા બધા જ ગીતો થકી આમ જ ધરા શાહ તેમના દર્શકો નું મનોરંજન કરતા રહે તેવી શુભેચ્છાઓ ...Matter Prepared & PR

By NK Entertainment.Ahmedabad

# હારીજ કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ અને ડીઝલના તોતિંગ ભાવ વધારાના વિરોધમાં આવેદનપત્ર આપ્યું



હારીજ તાલુકા અને શહેર કોંગ્રેસ કાર્યકરો દ્વારા ડીઝલ અને પેટ્રોલના ભાવ વધારો અને એકસાઈઝ ડ્યુટી પરનો વધારો કરી ભાજપ સરકાર ઉઘાડી લૂંટ ચલાવી રહી હોઈ આવા કપરા સમયમાં ભાવ વધારો પાછો ખેંચવા મામલતદાર જે.સી.ગરાસિયા ને આવેદનપત્ર આપી માંગણી કરી છે.

હારીજ કોંગ્રેસ કાર્યકરો દ્વારા મામલતદાર કચેરી ખાતે સવારે ૧૧ કલાકે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અંતર્ગત આપેલા આવેદન પત્રમાં જણાવ્યા મુજબ ભાજપા સરકાર સત્તા પર આવેલ ત્યારથી પેટ્રોલ ઉપર એક્સાઈડ ડ્યુટી ૯.૨૦ પ્રતિ લીટર હતી.ડીઝલમા ૩.૪૬ પ્રતિલીટર હતી.છેલ્લાં છ વર્ષમાં ભાજપ કેન્દ્ર સરકારે પેટ્રોલ પર ૨૩.૭૮ પ્રતિ લીટર અને ડીઝલમા ૨૮.૩૭ પ્રતિ લીટર નો વધારો કરેલ છે.ડીઝલમા ૮૨૦% અને પેટ્રોલમાં ૨૫૮% નો એકસાઈઝ ડ્યુટીમા આઘાત જનક વધારો કરવામાં આવ્યો છે. માત્ર છેલ્લા સાડાત્રાણ મહિનામાં જ ભાજપ સરકારે ડીઝલના ભાવ અને તેના પર એક્સાઈઝ ડ્યૂટીમાં પ્રતિલીટર રૂપિયા ૨ ૪૮ અને પેટ્રોલમાં પ્રતિ જગ્યા ૨૧ વર્ષનો વધારો કર્યો છે સરકાર દ્વારા પ્રજાનું કપડા સમયમાં શોષણ થઈ રહ્યું છે. જ્યારે કોંગ્રેસની યુપીએ સરકાર સત્તા પર હતી ત્યારે ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૧૦૮ રૂપિયા અમેરિકી ડોલર હતો.

જ્યારે વર્તમાન સમયમાં ક્રૂડ ઓઈલનો ભાવ બેરલ દીઠ ૪૩.૪૧ અમેરિકી ડોલર થઈ ગયો છે. છતાં પણ ભાજપ સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે માટે ૫મી માર્ચ ૨૦૨૦ પછી ના પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અને તેના ઉપર એક્સાઈઝ ડ્યુટી નો ભાવ વધારો આવા કપરા સમયમાં પાછો ખેંચવા કૉંગ્રેસ તેમજ પ્રજાજનોની માંગ સાથેનું આવેદનપત્ર તાલુકા શહેર કોંગ્રેસ કાર્યકરો મુકુંદભાઈ પટેલ, બાબુભાઈ દેસાઈ, ડો.ભગવાનભાઈ પટેલ, અનારજી ઠાકોર, વગેરેએ મામલતદાર જે.સી.ગરાસિયાને આવેદન પત્ર આપ્યું હતુ.

## વિજય રૂપાણીના રાજમાં રોલ મોડલનો શિક્ષણનો એક ઉત્તમ ઉદાહરણ

# કપરાડા તાલુકા પૂર્વ પ્રાથમિક શિક્ષણ અધિકારી અને સંઘના હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યો ભ્રષ્ટાચાર

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

કપરાડા તાલુકાના સંઘના હોદ્દેદારોએ શાળા ના શિક્ષકો પાસે વચેટીયા શિક્ષકો મારફત જબરદસ્તી રૂપિયા પડાવ્યાનો આક્ષેપ ૯,૨૦,૩૧વર્ષો સુધી ફરજ બજાવ્યા બાદ કામ કરવાના રુપિયા આપ્યા તેમ છતા નાણાકીય લાભ મળી રહ્યો નથી.

ઉચ્ચતર પગાર ધોરણની રાહ જોઈ અત્રે ઉલ્લેખનિય છે કે, ૨૫૦૦ થી ૧૩,૦૦૦ ઉઘરાણી બાદ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ૭૦૦ વધુ પ્રાથમિક શિક્ષકોની ધીરજ ખુટી રહી છે

શિક્ષકોની સળંગ સિનિયોરોટી અપડેટેશનનું લાભાર્થીઓએ જણાવ્યું કે ગણતરી કરીએ તો કાર્ય છેલ્લા દોઢ વર્ષથી અટવાયું છે. હતું કે, કપરાડા તાલુકાના શિક્ષકો પાસેથી છેલ્લા દોઢ વર્ષમાં વિવિધ કામગીરીના નામે ૨૫.૦૦.૦૦૦ લાખથી વધુની ઉઘરાણી કરવામાં આવી એવી જાણકારી મળી રહી છે પ્રાથમિક શિક્ષકો પાસે અવાર નવાર રૂપિયા ઉઘરાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યા ની માહિતી મળી રહી છે . જો કે કેટલાક શિક્ષકો પાસે ૭માં પગાર પંચના સ્ટીકર ,ઍરિયસ, ઈજફો ચઢવવા,રજા ચઢાવવા,વય નિવૃતિના લાભ પેન્શન કેસ,ફેમેલી પેન્શન, રાજ્ય વીમાનો લાભ કોઇ ને કોઇ પ્રકાર ના બહાનાહેઠળ સરકાર દ્વારા અપાતા લાભ અને તેનું કામ પુરૂ કરવાનું નક્કી જબરદસ્તી રૂપિયા પડાવવા માં આવે એવી માહિતી મળી રહીછે. રુપિયાના આપે તો અનેક રીતે હેરાન પરેશાન કરવામાં આવે છે.કેટલાક શિક્ષકો નિવૃતી ના આરે હોવા છતા નિવૃતિ પેન્શનના કેસની કામગીરી ના કરી લાભથી વંચિત કિસ્સાઓ પણ સામે આવ્યા છે. આ સમગ્ર કામગીરીઓ તાલુકા પંચાયત શિક્ષણ સમિતિએ ,TPO એ કરવાની હોય છે છતા તાલુકા સંઘ નાં હોદ્દેદારો અને એમના મળતીયા ઓ મલાઈ ખાવા ઓફિસમા આટા ફેરા મારી ધાક જમાવી રહ્યાનું જાણવા મળી રહ્યું છે તાલુકા પ્રાથમિકશિક્ષણ અધિકારીએઓફિસમા આવનાર મુલાકાતિઓ નુ રજિસ્ટર બનાવી આવાં લેભાગુ તત્વોથી શિક્ષકો ને બચાવી પાર દર્શક વહિવટ નો નમૂનો પૂરો પાડવો જોઈએ.

કામગીરી વિ કેન્દ્રીકરણ ની રીત અપનાવે તો ઝડપી લાભ મળી શકે.લસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો મનમાની કરે છે. વલસાડ જિલ્લાના શિક્ષકોની ૧૦૦% કામગીરીને પૂર્ણ કયારે?આ બધા સરકારે જાહેર કરેલા લાભો શિક્ષકોને મળવામા થયેલા અ સહ્ય વિલંબના કારણે શિક્ષકોમા તાલુકા સંઘ,જિલ્લા સંઘ અને રાજય સંઘ ના હોદ્દેદારો પ્રત્યે ખૂબ જ આક્રોશ જોવા મળી રહ્યો છે.શિક્ષકોએ આવનાર ઈલેક્શનમા વર્તમાન હોદ્દેદારો ને ધૂળ ચાટતા કરી દેવાની કામગીરી શરૂ પણ કરી રહ્યા છે.

## અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

# અરવલ્લીના આદિજાતિ તાલુકાઓના સર્વાંગી વિકાસના ૪૯૪ કામો માટેરૂ. ૧૦૨૭. ૫૯ લાખની જોગવાઈ કરાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી
બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી શ્રી રમણલાલ પાટકરના અધ્?યક્ષસ્?થાને જિલ્લા કલેકટર કચેરી મોડાસા ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના જિલ્લાના આદિજાતિ તાલુકાઓના સર્વાંગી વિકાસના કામોની પ્રાથમિકતા આપવામાં આવી હતી.જિલ્લા પ્રભારી મંત્રીશ્રીએ જિલ્?લાના વિકાસના કામો ઝડપભેર પૂર્ણ કરવા અને



વિકાસની ગતિને તેજ બનાવવા અધિકારીઓને અપીલ કરી હતી. અને જિલ્લાની શાળાઓના ઓરડા, પીવાના પાણી અને વિજળીકરણની બાકી કામગીરીને ઝડપથી પુરા કરવા વહિવટીતંત્રના અધિકારીઓનું ધ્?યાન દોર્યુ હતું

ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૦-૨૧ની નાણાંકીય જોગવાઇ અને આયોજનની વિગત અંતર્ગત ભિલોડા તાલુકાના ૩૧૭ કામો માટે રૂ. ૭૧૮.૨૬ લાખનું આયોજન કરવામાં આવ્યું હતું જયારે મેઘરજના ૧૬૧ કામો માટે રૂ. ૨૯૫.૪૨ લાખની જયારે જિલ્લાના મોડાસા અને માલપુર તાલુકાના છૂટાછવાયા આદિજાતિ ગામોના વિકાસના ૧૬ કામો રૂ. ૧૩.૯૧ લાખના મળી જિલ્લામાં આદિજાતિ તાલુકાઓના સંવાર્ગી વિકાસના ૪૯૪ કામો માટે રૂ. ૧૦૨૭.૫૯ નું આયોજન હાથ ધરવામાંઆવ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, ભિલોડા-મેઘરજના ધારાસભ્ય શ્રી ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્?લા વિકાસ અધિકારી શ્રી ડૉ.અનિલ ધામેલીયા, અધિક કલેકટર શ્રી આર.જે.વલવી, પ્રાયોજના અધિકારી શ્રી મુનિયા,અગ્રણી શ્રી રણવીરસિંહ ડાભી સહિત સહિત તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, તથા અગ્રણી પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, તાલુકાકક્ષાના અધિકારીઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.


# ધનસુરાના રાજપુર પાસેની માઝુમ નદીમાં વિસ્ફોટક કેપથી માછીમારી કરવા જતા યુવકનું વિસ્ફોટથી મોત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડગામ પંથકમાં મોટા પ્રમાણમાં ક્વોરી ઉદ્યોગ ધમધમી રહ્યો છે ક્વોરી ઉદ્યોગમાં પથ્થરો તોડવા માટે વિસ્ફોટ કેપનો ગેરકાયદેસર ઉપયોગ થઈ રહ્યો હોવાની બૂમો છાસવારે ઉઠતી હોય છે વિસ્ફોટક કેપનો ગેરકાયદેસર વેપલા પણ મોટા પ્રમાણમાં ધમધમી રહ્યો છે કેટલાક લોકો વિસ્ફોટક કેપની મદદથી જિલ્લામાં આવેલા જળાશયો અને પસાર થતી નદીમાં જીવના જોખમે માછીમારી કરે છે ત્યારે ધનસુરા તાલુકાના વડગામ નજીક આવેલા રાજપુર ગામ પાસેથી પસાર થતી માઝુમ નદીના કિનારે વિસ્ફોટ કેપ લઈ ગામનો એક ૩૩ વર્ષીય યુવક અન્ય સગીર સાથે માછલાં પકડવા જતા યુવકની બેદરકારીના લીધે વિસ્ફોટ કેપ ફાટતા માછીમારી કરી રહેલ યુવકના શરીરના ફૂરચેફૂરચા ઉડી જતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું સાથે રહેલા સગીરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો હતો ધડાકાભેર વિસ્ફોટના અવાજના પગલે આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ધનસુરાના રાજપુર ગામનો સોમાભાઈ કાનજીભાઈ પરમાર (ઉ.વર્ષ-૩૩) અને સુરેશ વિજય ભાઈ પરમાર (ઉં.વર્ષ-૧૪ ) સાથે ગામ નજીકથી પસાર થતી માઝુમ નદીના કિનારે પથ્થરો તોડવાની વિસ્ફોટક કેપ લઈ માછીમારી કરવા ગયો હતો અને માઝુમ નદીમાં માછીમારી કરવા ગેરકાયદેસર રીતે ઉપયોગમાં લેવાતી વિસ્ફોટક કેપ ફોડવામાં સોમાભાઈ નામના યુવકે ગફલત કરતા વિસ્ફોટક કેપ તેની નજીક ફાટતા સોમાભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું માછીમારી કરવા સાથે ગયેલા મૃતક યુવકના સગીર ભત્રીજાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા વિસ્ફોટ અવાજને લઈને દોડી આવેલા લોકોએ સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડતા પ્રાથમિક સારવાર આપી તાબડતોડ અમદાવાદ સારવાર અર્થે મોકલી આપ્યો હતો ધનસુરા પોલીસ સ્ટેશનના પીએસઆઇ રાઠોડને સમગ્ર ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી દીધી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## શ્રધ્ધાંજલી



અલવિદા ...નાટ્યમિત્ર ..... શ્રી દિપક હરીન્દ્ર દવે
USA ખાતે ભારતિય વિધા ભવનમાં પોતાની ઓફિસમાં જ કારમો હાટૅ એટેક...

# હારીજ ઈન્દીરાનગરમાં પીવાના પાણી સાથે ગટરનું ગંદુ પાણી આવતું હોઈ રહીશોની ભુખ હડતાળ


હારીજ દલીત વીસ્તાર ઈન્દિરાનગરમાં છેલ્લા ત્રણ માસથી પીવાના પાણીના નળ કનેક્શન માં ગટરનું પાણી મિશ્ર થઈ જતા ગંદુ પાણી આવી રહી છે જેની ૧૮ માર્ચના રોજ હારીજ નગરપાલિકા જિલ્લા કક્ષાએ અને આરોગ્ય વિભાગ જીલ્લા પંચાયતમાં જાણ કરવા છતાં પણ આજ દિન સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. આખરે વિસ્તારના રહીશો મામલતદાર કચેરી ખાતે ભૂખ હડતાલ ઉપર ઉતર્યા છે.જ્યાં સુધી સ્વચ્છ પાણી નહીં મળે ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવા રહીશો મક્કમ બન્યા છે. ઈન્દિરાનગરમાં વાલ્મિકી સમાજ દલિત સમાજ તુરી સમાજ જેવા ૨૦૦ જેટલા પરિવારો રહેઠાણ ધરાવે છે.જેઓના વિસ્તારમાં આવતું નળ કનેક્શનનું પાણી ગટર લાઈન સાથે જોઈન્ટ થઇ ગયેલ છે. જેની રજૂઆત નગરપાલિકા તેમજ મામલતદાર કચેરી આરોગ્ય શાખા જિલ્લા પંચાયત પાટણ માં ૧૮ માર્ચના રોજ કરવામાં આવી હતી. છતાં પણ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ઈન્દિરા નગર ના રહીશ ભગવાનભાઈ સોલંકીના જણાવ્યા મુજબ અત્યારના સમયમાં રોગચાળાની પરિસ્થિતિ ગંભીર બની છે. હારિજમાં પણ રોગચાળાના કેશ વધી રહ્યાં છે.છતા સતાધીસોનુ પેટનું પાણી નહીં હલતા આખરે ગાંધી ચિંધ્યા માર્ગે ભુખ હડતાલ પર ઉતર્યા છીએ જ્યા સુધી સમસ્યાનો હલ નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખીશું

# સિદ્ધપુરમાં સવારે વરસાદી ઝાપટું પડતા શહેરીજનોએ અસહ્ય ઉકળાટથી રાહત અનુભવી

ધૃવ દવે સિદ્ધપુર

સિદ્ધપુરમાં છેલ્લા ચાર-પાંચ દિવસના અસહ્ય ઉકળાટ બાદ આજે સવારે મેઘરાજા શહેરીજનો ઉપર મહેરબાન બની વરસી પડ્યા હતા.વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ થઇ ગયુ હતુ.આકાશ કાળા ડીબાંગ વાદળોથી ઢંકાઈ જતા સૂર્યનારાયણ નજારત થતા લોકોને પોતાના ઘરોમાં લાઈટ કરી પ્રકાશ કરવાની ફરજ પડી હતી.મેઘરાજા ની સવારીની સાથોસાથ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા ગરમી માંથી રાહત મળતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.વરસાદી પાણી ધરતી પર પડતા એક અલગ જ સુવાસની લહેર પ્રસરી હતી.સવારે કામ-ધંધે જવાનાં સમયે જ વરસાદ પડતા લોકો થોડો સમય અટવાઈ ગયા હતા.પરંતુ ગરમીમાંથી રાહત મળતા તેઓ પણ આ વરસાદથી ખુશ જણાતાં હતા.જો કે સિદ્ધપુરમાં આજે પડેલો વરસાદ નોંધપાત્ર કહી શકાય તેવો પડ્યો નથી.પરંતુ આ વરસાદનાં આગમનથી સિઝન ની શરુઆત થઇ જવા પામી છે તેમ કહી શકાય.

# વંથલી શહેર કોંગ્રેસ દ્વારા સતત વધતી જતી મોંઘવારી મુદે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



(જીજ્ઞેશ પટેલ દ્વારા )

વંથલી શહેર કોંગ્રેસ દ્વારા સતત વધતી જતી મોંઘવારી તથા રાંધણગેસ, પેટ્રોલ તથા ડીઝલના ભાવોને અંકુશમાં લેવા માટે વંથલી મામલતદાર મારફતે રાષ્ટ્રપતિ સાહેબ ને સંબોધેલ આવેદનપત્ર આજરોજ પાઠવવામાં આવેલ જેમાં જણાવેલ કે હાલમાં કોરાના વાયરસ ની મહામારીમાં લોક ડાઉન ના લીધે ધંધા રોજગાર,મજુરી વિગેરે કામધંધા બંધ હોવાના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય જનતા માટે તેઓનુ ગુજરાન ચલાવવું અસહ્ય થય રહ્યુ છે આવી વિકટ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કોઈ રાહત આપવામાં આવી નથી ઉપરથી રોજીંદા વ્યવહારમાં આવતી આવશ્યક ચીજવસ્તુઓ

રાંધણગેસ પેટ્રોલ, ડીઝલ તથા અન્ય ચિજવસ્તુઓ ના ભાવો સરકાર ના વધતા ટેક્ષોના લીધે દિવસે દિવસે સતત વધી રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમવર્ગીય જનતા પર આવી સ્થિતિમાં પડ્યા પર પાટા સમાન હોય જેથી જનતા જનાર્દન વતી સરકાર ને વિનંતી કરવામાં આવી છે કે હાલ પુરતા સરકારી ટેક્ષો નાબુદ કરી રાહતરૂપે દરેક ગરીબ અને મધ્યમવર્ગીય લોકો નાં બેંક ખાતામાં દર મહિને દશ હજાર જમા કરાવી તથા અતી ગરીબો ને ઓગસ્ટ મહિના સુધી રાંધણગેસના સિલિન્ડર મફત આપવામાં આવે તેવી વિનંતી કરવામાં આવેલ છે આવેદનપત્ર આપતી વખતે વંથલી કોંગ્રેસના અગ્રણીઓ સર્વ શ્રી ઈરફાનશાહ સોહરવર્દી,સીરાઝ વાજા,અદનાન ડામર,મયુર ટીલવા,ઈમરાન સોખડા સહિત નાં કાર્યકરો હાજર રહ્યા હતા

# અરવલ્લી જિલ્લા રજિસ્ટ્રાર આર.એ.મકવાણાનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાતા તેમની સેવાઓને બિરદાવાઈ

મોટી ઈસરોલ, તા.૩૦

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં રજિસ્ટ્રાર તરીકે સેવાઓ આપી ૩૦ જૂન.૨૦૨૦ રોજ નિવૃત થતા જિલ્લા રજિસ્ટ્રાર આર .એ.મકવાણાનો વય નિવૃત્તિ સન્માન સમારોહ કચેરીના કર્મચારીઓ દ્વારા સોમવારે એપીએમસી, મોડાસા ખાતે યોજાતા જિલ્લાના સહકારી આગેવાનો સહિત ઉપસ્થિત સૌએ તેમની ૩૯ વર્ષની દીર્ઘકાલિન યશસ્વી સેવાઓને બિરદાવી હતી. તેમણે તેમની સેવાઓ દરમિયાન રાજયના અમદાવાદ સહિત ૧૨ થી વધુ જિલ્લાઓમાં યશસ્વી કામગીરી કરી લોકોનો પ્રેમ જીત્યો હતો.અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં પણ નિવૃત્તિ નજીકના વર્ષોમાં કરેલી કામગીરી સહિતની તેમની યશસ્વી દીર્ઘકાલીન સેવાઓને આ નિવૃત્તિ સમારોહમાં ઉપસ્થિત મોડાસા



એપીએમસીના ચેરમેન,જિલ્લા સહકારી સંઘના ડિરેકટર અને જિલ્લા ભાજપના મહામંત્રી શામળભાઈ પટેલ તથા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે બિરદાવી તેમનું બુકે આપી,શાલ ઓઢાડી, મોમેન્ટો આપીને સન્માન કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રારંભે મનીષભાઈ ઉપાધ્યાયે સૌ ને આવકાર્યા હતા,એડવોકેટ જે.કે.દરજીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.આ કાર્યક્રમમાં નિવૃત્ત થતા ઓડિટર આસોડાનું પણ સન્માન કરાયું હતું.કચેરીના મનીષભાઈ ઉપાધ્યાય,અધિક્ષક એ.બી.ઠાકોર સહિત કર્મચારીઓએ પણ તેમનું સન્માન કર્યું હતું.નિવૃત્ત થતા જિલ્લા રજિસ્ટ્રાર આર.એ.મકવાણાએ સૌના સ્નેહ,પ્રેમ અને લાગણીઓથી અભિભૂત થઈને પોતાના સન્માનનો લાગણીસભર ભવિભોર શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો હતો.આ અવસરે તેમના ધર્મપત્ની સહિતનો પરિવાર પણ ઉપસ્થિત રહીને આ વિદાય સન્માન સમારોહના સાક્ષી બન્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.